# ગુજરાત વિધાનસભાનાં વિપક્ષી નેતા અમિત ચાવડાનાં શાબ્દિક પ્રહારો

# ખેડૂત મરો, મિલ્કત ખરીદનાર મરો, ડેવલોપર્સ મરો પણ સરકારનું તરભાણુ ભરો

## જંત્રીનાં સુચિત ભાવ વધારાથી ખેડૂતો, મધ્યમવર્ગ, બાંધકામ ક્ષેત્ર અને અર્થતંત્રને મોટુ નુકસાન થશે

## જંત્રીનાં ભાવ વધારાથી ખરીદનાર વર્ગની કમર તૂટી જશે, ભાવ વધારો મંદી લાવશે

## રાજય સરકાર જંત્રીનો ભાવ વધારો પરત કરશે તો જ સૌને થશે ફાયદો

## વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિપક્ષનાં નેતાએ વિગતો જણાવી

ગાંધીનગર, તા. ૨૦

વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા એકતરફી રીતે વગર વિચારે સરકારની તિજોરી ભરવા માટે જંત્રીનો સૂચિત વધારો જાહેર કરવામાં આવ્યો છે એની સામે વાંધા–વિરોધ આપવાનો આજે છેલ્લો દિવસ છે. સરકારી તિજોરી ભરવાના આશયથી સરકાર દ્વારા ગુજરાતીઓના માથે જે તોતિંગ જંત્રીનો ભાવ વધારો કરવામાં આવ્યો છે એનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ



છીએ. આવક વધારવાના એકમાત્ર આશયથી આ જંત્રીનો ભાવવધારો આવનારા સમયમાં ખરીદનાર જે વર્ગ છે એની કમર તોડી નાખશે અને સાથસાથે અર્થતંત્રને ખુબ મોટા પ્રમાણમાં અસર થશે અને મંદી પણ લાવશે.

જંત્રીના ભાવ વધારાથી ખેડૂતો મરો, ખરીદનાર વર્ગ મરો, મિલ્કત ડેવલોપ કરનાર મરો, પણ સરકારનું તરભાણું ભરો એવી નીતિથી સરકારે જંત્રીનો ભાવ વધારો જાહેર કર્યો છે.

૨૦૧૧માં સરકારે જયારે જંત્રીનો ભાવ વધારો જાહેર કર્યો ત્યારે જાહેર કર્યું હતું કે મોંઘવારીનો દર, વિકાસનો દર, ફુગાવાનો દર એને ધ્યાનમાં રાખી જંત્રીનો ભાવ વધારો થશે, એનું મૂલ્યાંકન થશે અને દર વર્ષે ૮%ના દરથી જંત્રીનો ભાવ વધારો કરીશું એવી વાત ૨૦૧૧માં કરવામાં આવી હતી. ૨૦૧૧ થી ૧૨ વર્ષ સુધી સરકારની ઉંઘ ના ઉડી, કોઈપણ જાતનો અભ્યાસ કે સર્વે કે કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં નથી કરવામાં આવી અને ૨૦૨૩માં અચાનક જંત્રીમાં મોંઘવારીનો દર જોયા વગર, વિકાસનો દર જોયા વગર, ફુગાવાનો દર જોયા વગર અચાનક તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. ત્યારે પણ લોકોએ ખુબ વિરોધ કર્યો હતો અને સરકારે પોતાની મનમાની કરીને જંત્રીને લાગુ કરી.

આજે એક જ વર્ષમાં એટલે કે ૨૦૨૩માં જંત્રીનો ભાવ વધારો લાગુ કરવામાં આવ્યો અને નવેમ્બર ૨૦૨૪માં ફરીથી એ જંત્રીમાં ૨૦૦ થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો થાય એવો સૂચિત જંત્રીનો વધારો જાહેર કરવામાં આવ્યો છે. આમ સરકારે પણ સમજવું પડશે કે જંત્રી એ સ્ટેમ્પ ડયુટી છે કોઈ ટેક્ષ નથી. સરકારે પોતાની સરકાર ચલાવવાનો જે ખર્ચ થાય છે એ એનું આવકનું સાધન ટેક્ષ હોવું જોઈએ નહિ કે સ્ટેમ્પ ડયુટી. આ સરકાર સ્ટેમ્પ ડયુટીને સરકાર ચલાવવા માટે આવકનું સાધન બનાવવા મથે છે, આ ભાવ વધારો કોઈપણ સંજોગોમાં યોગ્ય નથી એનો અમે સખત વિરોધ કરીએ છીએ.

વધુમાં જણાવેલ છે કે, જંત્રીનો ભાવવધારો અમલમાં આવશે તો બાંધકામ ઉદ્યોગને નવા પ્રોજેકટ હાથ ધરવામાં ખુબ જ મુશ્કેલી થશે તેમજ નાણાકીય ભીડનો સામનો કરવો પડશે. નવા પ્રોજેકટ શરૂ નહિ થાય તો મજુરોને રોજગારીનો પ્રશ્ન ઉભો થશે તેમજ રો–મટીરીયલના વેચાણમાં ઘટાડો થશે જે એકંદરે અર્થતંત્રને અસર કરશે.

૨૦૧૧ની જંત્રી ભાવ જોઈએ તો અનેક વિસ્તારોમાં ૨૦૦ થી ૨૦૦૦ ટકા સુધીનો જંત્રીનો ભાવવધારો સૂચવ્યો છે. એનાથી સ્પષ્ટ થાય છે કે જંત્રીના ધરખમ ભાવ વધારાથી ગુજરાતના ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થશે મધ્યમવર્ગ જે ઘર ખરીદવા માંગે છે, દુકાન–ઓફીસ ખરીદવા માંગે છે એમના સ્વપ્ન રોળાઈ જશે અને બાંધકામ ક્ષેત્ર છે જેનાથી અનેક ધંધા–રોજગારને આર્થીક રીતે મજબૂતાઈ મળે છે એ બાંધકામ ક્ષેત્રને ખુબ મોટી અસર થવાની ત્યારે ગુજરાતમાં સામાન્ય ખેડૂત, મધ્યમ વર્ગ કે બાંધકામ ક્ષેત્રે સંકળાયેલ હોય બધા જ વર્ગ તરફથી જંત્રીનો જયારે વિરોધ થઈ રહ્યો હોય ત્યારે અમે પણ સરકારને કહેવા માંગીએ છીએ કે ફકત ને ફકત આવક વધારવાના આશયથી જંત્રીનો જે સૂચિત ભાવ વધારો જાહેર કરવામાં આવ્યો છે એને સરકાર પરત લે, અમે એનો સખત વિરોધ કરીએ છીએ અને આવનારા દિવસોમાં રાજયમાં મોંઘવારીનો દર, ફુગાવાનો દર અને વિકાસનો અભ્યાસ કરી, લોકો સાથે પરામર્શ કરી દર વર્ષે થોડા થોડા પ્રમાણમાં વધારો થાય, એક સાથે વધારો થોપી રાજયના લોકોને આર્થિક નુકસાન, આર્થિક ભારણ ન આવે અને રાજયના અર્થતંત્રને પણ નુકસાન ન થાય એ માટે સરકાર તાત્કાલિક સૂચિત ભાવવધારો પરત ખેંચે એવી માંગણી કરીએ છીએ.

---

### રાજુલા નજીક આવેલ

## રામપરા–ર ગામે પિપાવાવ પોર્ટ કોલોનીમાં બંધ મકાનોમાં તસ્કરોએ કરી ચોરી

### રોકડ રકમ તેમજ સોનાનાં દાગીનાની ઉઠાંતરી

રાજુલા, તા. ૨૦

રાજુલા તાલુકાના રામપરા બે ગામે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું ભારત કુમાર પ્રવીણચંદ્ર પંડ્યા ઉંમર વર્ષ ૫૩એ અજાણ્યા ચોર ઈસમો સામે ફરિયાદ નોંધાવી જેમાં બંધ ક્વાર્ટરમાં અજાણ્યા ઈસમો દ્વારા મુખ્ય દરવાજાનું તાળુ તોડી રૂમમાં પ્રવેશી લોખંડની તિજોરીઓ તોડી રોકડા રૂપિયા બે લાખ પચાસ હજારની અજાણ્યા ઈસમો દ્વારા મકાનનો મુખ્ય દરવાજાનું તાળુ તોડી રૂમમાં પ્રવેશી લોખંડની તિજોરીઓ તોડી રૂપિયા તેમજ સોનાનું મંગલસૂત્ર સોનાનું બ્રેસલેટ સોનાની ચેન સોનાની બુટ્ટી મળીને કુલ પાંચ લાખ પચાસ હજારના મુદ્દામાલની ચોરી તેમજ સોનાનું મંગલસૂત્ર સોનાનું બ્રેસલેટ સોનાની ચેન સોનાની બુટ્ટી મળીને કુલ પાંચ લાખ પચાસ હજારના મુદ્દામાલની ચોરીની ફરિયાદ મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પી.એસ.આઈ છોગાળા વધુ તપાસ હાથ ધરેલ છે.

---

### સતત ચિંતામાં રહીને અંતે અંતિમવાટ પકડી

## સાવરકુંડલાનાં કિશનભાઈને કોઈ કામધંધો મળતો ન હોવાથી ગળાફાંસો ખાઈ લીધો

### કારમી મોંઘવારી વચ્ચે આર્થિક સંકડામણ પણ વધી

અમરેલી, તા. ૨૦, સાવરકુંડલા ગામે આવેલ મફતપરા સ્મશાનની પાછળ રહેતા કિશનભાઈ ધનજીભાઈ મકવાણા નામના ઈસમને કોઈ કામ ધંધો મળતો ન હોય અને સતત ચિંતામા રહેતા હોય. જેના કારણે તા. ૧૮ના સવારે ૧૧:૩૦ વાગ્યે પોતાના ઘરે પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેઓ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### નજીકમાં ઝુંપડપટ્ટી હોવાનાં કારણે

## અમરેલીનાં રવિવારી બજારમાં ચોરીનું દુષણ વધતા જતાં પરેશાની

### નગર સેવિકાએ ઝુંપડપટ્ટી હટાવવા માંગ કરી

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરના ગાંધી બાગ સામે આવેલ નગર પાલિકાના એમ્યુઝન પાર્કમાં રવિવારી બજાર ભરાય છે જેમાં ગરીબ પરિવારો પેટિયું રળી પરિવારનું ગુજરાન ચલાવી રહેલ છે. તેમજ અન્ય ગરીબ લોકો સીઝનેબલ ધંધો કરી રહેલ છે. ત્યાંરે આ પાર્કની દીવાલે સરકારી જમીન ઉપર દબાણ કરી ઝૂંપડા આવેલ છે. આ ઝૂંપડામાં વસતા લોકો અહીં વેપાર કરતા લોકોનો માલ સામાન ચોરી કરી લઈ જતા હોવાના કારણે આવા ગુન્હાહિત દુષણને ડામવા આવા દબાણ કરેલા ઝૂંપડાઓને કાઢવા પાલિકાના સદસ્ય દ્વારા માંગણી કરવામાં આવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી શહેરની શાનસમાં ગાંધીબાગ સામે એમ્યુઝાન પાર્કમાં દર રવિવારે બજાર ભરાય છે. તેમજ જરૂરત મંદ લોકો આ સ્થળ ઉપર સીઝનેબલ ધંધો કરતા હોય છે. એમ્યુઝન પાર્કની દીવાલે સરકારી જમીન ઉપર ઝૂંપડા બાંધી દબાણ કરવામાં આવેલ છે. આ ઝૂંપડાઓમા રહેતા લોકો દ્વારા આજ સ્થળ ઉપર પેટિયું રળતા લોકોના માલ સામાનની ચોરી કરવામાં આવે છે. આવા તત્વોને ચોરી કરતા ઝડપી લેવામાં આવેલ હતા. અને પોલીસને પણ બોલાવવામાં આવેલ હતી. પરંતુ પોલીસ દ્વારા



ફરિયાદ વગર કોઈ પગલા ભરવામાં આવેલ ન હતા. અને સામાન્ય લોકો પોલીસ ફરિયાદની પળોજણમાં પડવા માંગતા ન હોવાના કારણે આવા ગુન્હાહિત પ્રવૃત્તિ આચરનારાઓને દબાણવાળી જગ્યાથી કાસમી ધોરણે હટાવી લોકોને ચોરીના દુષણમાથી મુકત કરવા પાલિકાના સદસ્યને રજુઆત કરવામાં આવેલ હતી. રાત્રિના સમયે ચોરી કરતા આવા તત્વોને હાંકિ કાઢવા અમરેલી નગર પાલીકાના સદસ્ય જયાબેન પ્રવીણભાઈ બારૈયાએ પાલિકા ચીફ ઓફિસરને રજુઆત કરવામાં આવેલ હતી.

---

## રાજુલા : જીલ્લા કક્ષાની સ્કેટીંગ સ્પર્ધામાં બિલ્વા ગોસ્વામી પ્રથમ

રાજુલા, તા. ૨૦

રમશે ગુજરાત જીતશે ગુજરાતના સ્લોગન સાથે ખેલ મહાકુંભમાં અમરેલી જીલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધા રાજુલા મુકામે યોજાઈ હતી જેમાં અન્ડર ૧૧ વર્ષ જિલ્લા કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં સ્કેટિંગ ઈન લાઈન ૧૦૦૦ મીટરમાં દીકરી બિલ્વા વિવેકગીરી ગોસ્વામી સમગ્ર જીલ્લા સ્કેટિંગ રમતમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો અને અગામી સમયમાં રાજયકક્ષાએ અમરેલી જીલ્લાનું પ્રતિનિધિત્વ કરીને સ્કેટિંગ સ્પર્ધામાં ભાગ લેશે સ્કેટિંગ સ્પર્ધામાં અમરેલી જીલ્લામાં



પ્રથમ નંબર મેળવનાર બિલ્વા ગોસ્વામીના પિતા ડોકટર વિવેકગીરી આયુવેદ મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

---

## બગસરામાં માં ડાંગીયા પીર બાપુના ઉર્ષની ઉજવણી



તસ્વીર : સીમર વિરાણી–બગસરા



બગસરા, તા. ૨૦

બગસરામાં ડાંગીયા પીર બાપુના ઉર્સની ઉજવણી ધામધુમ પૂર્વક કરાવવામાં આવી હતી. બગસરાના હઝરત ડાંગીયા પીર સરકારના ઉર્સની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી જેમાં તમામ હિન્દુ મુસ્લિમ બિરાદરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી અને આ ઉર્સનો લાભ લીધો હતો તથા બહોળી સંખ્યામાં લોકોએ આ એ ઉર્સમાં ન્યાજનો લાભ લીધો હતો.

---

## રાજુલા : વૃદ્ધાશ્રમ ખાતે બ્લડ ડોનેશન સહિત વિવિધ કાર્યક્રમ યોજાયા





રાજુલા, તા. ૨૦

રાજુલા શહેરમાં વૃદ્ધાશ્રમ ખાતે અમરેલી જિલ્લા ભાજપ સોશિયલ મીડિયા કન્વીનર સાગર સરવૈયા તથા તેમના પરિવાર દ્વારા બ્લડ ડોનેશન સહિત વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં બ્લડ ડોનેશન સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા આ કાર્યક્રમમાં સાધુ સંતો તેમજ આમંત્રિત મહેમાનોના હસ્તે દીપક પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલો.

રાજુલા શહેરમાં સ્વ. દિનેશભાઈ લાલજીભાઈ સરવૈયાની નવમી પુણ્યતિથિ નિમિત્તે ૧૩ મો બ્લડ ડોનેશન કેમ્પનું સરવૈયા પરિવાર દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ આ કેમ્પ માં સાથે સાથે રાજુલાના ધારાસભ્ય હીરાલાલ સોલંકીના સહયોગથી ૭૦ વર્ષથી ઉપરના વડીલો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવેલું જે સ્થળ પર જ ૨૦ લોકોને આ આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પ કાઢી આપવામાં આવેલા જે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હાથે આ વડીલોની આપવામાં આવ્યા સાથે સાથે આ કાર્યક્રમમાં રાજુલા શ્રીજી હોસ્પિટલના સહયોગથી બીપી ડાયાબિટીસ ચેકઅપ તથા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું જેમાં ડોક્ટર બલદાણીયા ડોક્ટર વિપુલ બાવળીયા તેમજ ડોક્ટર ઉર્મિલાબેન બલદાણીયા આ નિદાન કેમ્પમાં પોતાની સેવા આપેલી આ કેમ્પમાં બ્લડ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્ક ની ટીમ દ્વારા પોતાની વિશેષ સેવા આપવામાં આવેલી આ કાર્યક્રમમાં સાધુ સંતો વેપારીઓ આગેવાનો રાજકીય કાર્યકરો તેમજ રાજુલાના ધારાસભ્યો હીરાલાલ સોલંકી તેમજ દિવ્યભાસ્કર ના સિનિયર એડિટર ધૈવત ત્રિવેદી તેમજ માઢતિ ધામ ના મહંત ભાવેશ બાપુ તેમજ પૂજય હરિનંદ સ્વામી નારાયણ સ્વામી, હિતેશ દાદા સહિત ના અનેક લોકો એ હાજરી આપેલી આ કાર્યક્રમમાં રાજુલા પાસેના કડીયાળી ગામના વલ્લભભાઈ બામણીયાએ આજે ૬૦ મી વખત રક્દાન કરતા રાજુલાના ધારાસભ્ય હીરાલાલ સોલંકી દ્વારા તેમને પુષ્પગુચ્છ આપી ચાલ ઓઢાડી અને તેમનું સ્વાગત કરવામાં આવેલું આજના આ કાર્યક્રમમાં કુલ ૭૩ બોટલ લોહી લોકો બ્લડ ડોનેટ કરેલ ત્યારે સમગ્ર કાર્યક્રમના અંતમાં અમદાવાદ બ્લડ બેન્ક દ્વારા સાગરભાઈ સરવૈયા ને પણ સન્માન કરવામાં આવેલું અને અંતમાં સાગરભાઈ સરવૈયા દ્વારા તમામ લોકોનો આભાર વ્યક્ત કરવામાં આવેલો.

---

### જિલ્લાનાં માર્ગો પર અકસ્માતનું પ્રમાણ ચિંતાજનક

## ચાવંડ : કલ્યાણધામ નજીક ફોર વ્હીલ ચાલકે એકિટવાને હડફેટે લેતા ખેડૂતનાં પત્નીનું મોત

### મૃતક મહિલાનો પુત્ર પણ ઈજાગ્રસ્ત બન્યો

અમરેલી, તા. ૨૦

લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા અને ખેતીકામ કરતાં હરેશભાઈ છગનભાઈ રાણોલિયા નામના ૪૨ વર્ષિય ખેડૂત તા. ૧૮ના રોજ આશરે સાડા બારેક વાગ્યે પોતાની વાડીએ પાણી વાળતા હોય અને તેમના પત્નિ સુમિત્રાબેન તથા દિકરા માહીલ પોતાનુ એકટીવા મોટર સાયકલ લઈ ટીફીન દેવા માટે આવતા હોય. તે દરમ્યાન ચાવંડ ગામે રાજકોટ–ભાવનગર હાઈવે રોડ પર કલ્યાણધામ પાસે આવેલ ક્રોસિંગ પાસે ખેડૂતની વાડીના કાચા રસ્તે જમણી બાજુ વળતા સામેની સાઈડથી આવતી ફોર વ્હીલ નં. જી.જે.–૧૮ જીએ–૨૭૨૧ના ચાલકે પોતાની ફોરવ્હીલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ખેડૂતના પત્નિના એકટીવા મોટર સાયકલ નં. જી.જે. –૦૫ ઈડી–૦૦૪૮ સાથે અકસ્માત કરતા ખેડૂતના પત્નિને માથાના ભાગે, કપાળે તેમજ ડાબા હાથે હાંસડીના ભાગે તથા બંને પગે ગંભીર ઈજાઓ કરી તથા દિકરાને મોઢાના ભાગે તેમજ પગના ભાગે ટાંકાની ઈજાઓ કરી ખેડૂતના પત્નિ સુમિત્રાબેન (ઉ.વ. ૩૭)નું સારવાર દરમ્યાન મોત નિપજાવ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### યજમાન અને મહેમાન વચ્ચે માથાકૂટ

## બગસરા : મોટા માંડવડા ગામે વાડીમાં જમતી વખતે માથાકૂટ થઈ પડી

### બંદૂક જેવા હથિયારે પણ દેખા દીધી

અમરેલી, તા. ૨૦

બગસરા ગામે આવેલ આસોપાલવ સોસાયટીમાં રહેતા મયુરભાઈ નાગભાઈ વાળા નામના ૩૪ વર્ષિય યુવક ગત તા. ૧૯ના સાંજના સાડા છએક વાગ્યે મોટા માંડવડા ગામના શાયર બાબુભાઈ પીંજારાની વાડીએ ગયા હતા. તે પછી સાડા સાત પોણા આઠેક વાગ્યે બગસરા ગામે રહેતા રણજીતભાઈ ભરતભાઈ વાળા પણ શાયરની વાડીએ આવેલ અને ત્યાં જમવાનો પ્રોગ્રામ કરેલો હતો. ત્યારે શાયર અને રણજીતભાઈ જમતા હતા ત્યારે આ શાયર રણજીતભાઈ જોડે કોઈ બાબતે બોલાચાલી કરવા લાગેલ અને આરોપી શાયર બાબુભાઈ પીંજારાએ તેની વાડીએ ઝુંપડીની છતમાંથી એક બંધુક જેવું હથીયાર કવર સાથે કાઢેલ અને કવરમાંથી બંધુક કાઢતા રણજીતભાઈ અને શાયર વચ્ચે ઝપાઝપી થયેલ હતી અને આ બંન્ને વચ્ચે પડી મયુરભાઈએ જુદા પાડવાનો પ્રયત્ન કરેલો હતો. ત્યારે શાયરના હાથમાંથી બંધુક જેવુ હથીયાર નીચે પડી જતા તે વાડીમાંથી ભાગી ગયેલ હતા. રણજીતભાઈને ઝપાઝપીમાં મુંઢ ઈજા થવા પામેલ હતી. તે પછી શાયરના હાથમાંથી પડી ગયેલ બંધુક જેવુ હથીયાર જોતા તે કાળા કલરનું લોખંડની પટુટી તથા નળીમાંથી બનાવેલ હોય તેવુ દેખાતુ હતુ અને તે હથીયાર રાખવા મરૂન કલરનું કવર પણ બંદુકની બાજુમાં ઝુંપડીમાં નીચે પડયુ હતુ.

આ બનાવમાં આરોપી શાયર બાબુભાઈ પીંજારા (રહે. મોટા માંડવડા) સામે મયુરભાઈ નાગભાઈ વાળાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### યુવા આર્મીએ માંગને કર્યુ સમર્થન

## દામનગરને તાલુકા મથક આપવાની શાખપુર સરપંચની માંગને વ્યાપક સમર્થન

### સમગ્ર પંથકનાં નેતાઓએ આગળ આવવાની જરૂર

દામનગર, તા. ૨૦

દામનગરને તાલુકા મથકની સુવિધા મળે તે માટે સમસ્ત પટેલ યુવા આર્મીની ગુજરાત સરકારમાં થયેલ માંગને શાખપુર ગ્રામ પંચાયતે ખુલ્લું સમર્થન આપતા જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી ૧૪૦૦ થી વધુ યુવાનોની સામાજિક સંસ્થા સમસ્ત પટેલ યુવા આર્મી દ્વારા રાજય સરકાર સમક્ષ દામનગર શહેરને તાલુકો બનાવવાની માંગ સંદર્ભમાં શાખપુર ગામ સંપૂર્ણ સમર્થન સાથે સમગ્ર પંથકના અસંખ્ય ગામડાઓને તાલુકા મથકનું ડિસ્ટન્ટ ઘટી શકે સરકારી કામકાજમાં ગ્રામ્ય વિસ્તારોના લોકોને અતિ સરળીકરણ સમય શકિત બચાવનારી આ માંગને લેખિત સમર્થન આપ્યું હતું દામનગર શહેરને તાલુકા મથક બનાવી ભાવનગર જિલ્લાના ઉમરાળાના હડમતીયા ઠોડા લાખાવાડ ગારીયાધાર તાલુકા ભંમરિયા માંડવી સિહોર તાલુકાનું ભૂતિયા બોટાદ જિલ્લા ગઢડા સ્વામીના તાલુકાના ઉમરડા નાના મોટા વિકળિયા જલાલપુરનો સમાવેશ દામનગર તાલુકામાં કરાય તો તાલુકા મથકનું ૩૫ થી ૪૦ કિમિનું અંતર ઘટાડી માત્ર ૧૦ થી ૧૫ કિમિનું થઈ શકે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પાંચ તલાવડા એકલારા હરિપર જેવા ગામોને પણ દામનગર તાલુકા મથકમાં સમાવેશ કરી ડિસ્ટન્ટ ઘટાડી શકાય છે છેલ્લા ઘણા સમય થી દામનગર શહેરને તાલુકા મથક બનાવવાની માંગ કરાય છે તાલુકા મામલતદાર કચેરી માટે સ્થળ સંપાદન થયાને પણ ૧૫ વર્ષ કરતા વધુ સમય થવા છતાં સ્થાનિક ધારાસભ્ય તરફ થી કોઈ રજુઆત કે સમર્થન કરાયું નથી ત્યારે દામનગર પંથકના ગામડાની જનતા એ ફોટો જીવી નેતાઓને ઓળખવાની જરૂર છે દામનગરને તાલુકા મથક મળે તે માટે સતત સરકારમાં સામાજિક સંસ્થા સંગઠનો પંચાયતો દ્વારા યુવા આર્મીની રજુઆતને સમર્થન કરી રહી છે ત્યારે રાજય સરકારના સીધા પ્રતિનિધિ સમર્થન કરવાનું ચુકી રહ્યા સતત પ્રસિદ્ધિમાં રચ્યા પચ્યા નેતાઓને ઓળખવાની જરૂર છે.

## વાંચે ગુજરાતનાં માહોલમાં લાયબ્રેરીની સંખ્યા વધારવી જરૂરી


# સાવરકુંડલાનાં શહેરીજનો સુવિધાસભર લાયબ્રેરી ઝંખે છે

આજનાં બુધ્ધિધનને પોતાના કૌશલ્યને પ્રદર્શિત કરવા માટે પૂર્ણ અવકાશ મળે

ગરીબ અને મધ્યમવર્ગીય તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સુવિધાસભર લાયબ્રેરી જરૂરી

તમામ આધુનિક સુવિધા સાથે લાયબ્રેરીનું નિર્માણ કરવું જરૂરી

જાણીતા પત્રકાર બિપિનભાઈ પાંધીએ ગ્રાઉન્ડ રીપોર્ટ તૈયાર કર્યો




















સાવરકુંડલા, તા. ૨૦

લાયબ્રેરી એ સરસ્વતી સાધના અને જ્ઞાન સંપાદન કરવાનું અનોખું પરબ છે. કોઈ પણ ગામ કે શહેરની લાયબ્રેરી જોઈને ત્યાંના બુધ્ધિ ધનનું થોડુ ઘણું અનુમાન લગાવવામાં આવે છે. સાવરકુંડલા શહેરના હાર્દસમાં વિસ્તાર અને શેઠ શેરીમાં નગરપાલિકા સંચાલિત એક લાયબ્રેરી આવેલ છે. આ લાયબ્રેરી ઘણાં સમય સુધી જીર્ણશીર્ણ સ્થિતિમાં પણ જોવા મળી હતી. જો કે વાંચકો અને વિદ્યાર્થીઓની સતત રજૂઆતને અંતે તત્કાલીન નગરપાલિકા પ્રમુખ ડી.કે. પટેલને કાને આ વાત નાખતાં તેણે સ્વયંમ આ લાયબ્રેરીની મુલાકાત લીધી હતી અને તે સમયે પત્રકાર બિપીનભાઈ પાંધી સમેત અનેક નિયમિત વાંચકોએ આ લાયબ્રેરીનો ઉધ્ધાર કરી તેનું રીનોવેશન કરવા હાર્દિક અને આગ્રહભરી વિનંતી કરી હતી અને ડી.કે. પટેલે એ વાતને તુરંત ગ્રાહ્ય રાખી ટૂંક સમયમાં જ તેનું યુધ્ધના ધોરણે રીનોવેશનની કામગીરી હાથ ધરાવી અને વાંચકોને એક સુંદર ઈમારત સાથે લાયબ્રેરીનું લોકાર્પણ કરવામાં આવેલ. આ વાતને કોઈ નકારી શકે તેમ નથી.

વધુમાં આ લાયબ્રેરીની પૂર્વ કેન્દ્રીયપ્રધાન પરશોતમભાઈ રૂપાલાએ પણ તરતું પુસ્તક અભિયાન વખતે મુલાકાત લીધી હતી. જો કે આ વાતને વહાણાં વીતી ગયા પરંતુ હવે જેમ જેમ દેશમાં શિક્ષણની ભૂખ ઊઘડતી જાય છે તેમ તેમ હવે આવી લાયબ્રેરીઓમાં વધુ સુવિધા ઉપલબ્ધ થાય એ સમયની માંગ છે. હાલ સાવરકુંડલા ખાતે સૂર્ય નિવાસ કોમ્પલેક્ષના અંડર ગ્રાઉન્ડ વિભાગમાં સાવરકુંડલા તાલુકા સરકારી લાયબ્રેરી પણ કાર્યરત છે જે લગભગ છેલ્લા એકાદ વર્ષથી અહીં સ્થળાંતર થઈ છે તેવુ જાણવા મળ્યું છે. આ પહેલા આ પુસ્તકાલય સાવરકુંડલા ખાતે અન્ય જીર્ણશીર્ણ બિલ્ડિંગમાં હતી. જેનું સ્થળાંતર અહીં સૂર્યનિવાસ કોમ્પલેક્ષના અંડરગ્રાઉન્ડ વિભાગમાં થયુ છે જયાં હવા ઉજાસની ખૂબ ઓછી માત્રામાં અવરજવર રહે છે અને સૂર્યપ્રકાશની પણ હાજરી ન હોય તેવું જણાય છે. એટલે આમ ગણીએ તો ઊલમાંથી ચૂલમાં જેવો ઘાટ ગણાય. જો કે આ લાયબ્રેરીમાં વીજળીની સગવડ છે પરંતુ વાંચકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પર્યાપ્ત માત્રામાં હવા ઉજાસ આવશ્યક હોય તેવું પ્રથમ દ્રષ્ટિએ લાગે છે.

હા સાવરકુંડલા શહેરમાં એકાદ ખાનગી લાયબ્રેરી પણ છે પરંતુ સરકાર કે સ્થાનિક નગરપાલિકા દ્વારા સંચાલિત લાયબ્રેરીમાં હજુ વધુ સુવિધા સજજ લાયબ્રેરીનું નિર્માણ થાય એ સાવરકુંડલાના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ અને વાંચકો માટે આશીર્વાદરૂપ બને તેવું આજના ગળાકાપ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને તથા વાંચકોને લેટેસ્ટ અપડેટ સાથે જીવનમાં પ્રગતિ કરવા માટે જરૂરી છે. વિશેષમાં વાંચનાલયનો સમય સરકારી સમયની મર્યાદા ઓળંગીને ચોવીસ કલાક અથવા તો મિનિમમ બાર કલાક હોય તેવું વાંચક અને વિદ્યાર્થીઓ તથા પરીક્ષાર્થીઓ ઈચ્છી રહ્યા છે. ખાસ કરીને વાંચનાલયમાં સંપૂર્ણ સફાઈ તેમજ ટેબલ ચેર, ફેન વગેરે પૂરતાં પ્રમાણમાં વ્યવસ્થા, પરીક્ષાર્થીઓને ઉપયોગી સ્પર્ધાત્મક મેગેઝિન તેમજ અન્ય સાહિત્ય. ઈન્ટરનેટ કે વાઈ-ફાઈ દ્વારા દેશ વિદેશના ખૂણે ખૂણેથી જરૂરી સાહિત્ય ડાઉનલોડ કરી શકે તેવી સુવિધા તેમજ મહિલાઓ માટે અલગ શૌચાલય બનાવવા જોઈએ તેવો વાંચક વર્ગમાંથી સૂર ઉઠતો જોવા મળે છે. હા, સાવરકુંડલા ખાતે આવેલ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે ભવિષ્યમાં એક અદ્યતન લાયબ્રેરીનું નિર્માણ થશે એ વાત સાવરકુંડલા માટે ગૌરવ લેવા જેવી છે. હા, અહીં સાવરકુંડલા તાલુકા લાયબ્રેરીમાં ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ છે તેમ તેના ગ્રંથપાલે જણાવ્યું હતું. આમ એકંદરે લાયબ્રેરી એ માત્ર વર્તમાનપત્ર, મેગેઝિન, નવલકથા, ગઝલ સાહિત્ય માટે જ નથી પરંતુ આજના હાઈટેક યુગમાં સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે તેમજ શૈક્ષણિક સંદર્ભે કે રીસર્ચ માટે પર્યાપ્ત માત્રામાં સાહિત્ય ઉપલબ્ધ થાય તેવી હોવી જોઈએ અને તો અને તો જ ગરીબ, મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને આ ગળાકાપ હરીફાઈના યુગમાં આઈએએસ, મેનેજમેન્ટ, ટેકનોક્રેટ, સારા વકીલ, સમાજ સેવક, પત્રકાર, રાજકીય નેતા, સારા વેપારી કે તબીબ વગેરે બનવા માટે પર્યાપ્ત આકાશ (સ્કોપ) મળે અને સાવરકુંડલા તેમજ તાલુકાની યુવા પેઢીને દેશના અન્ય વિદેશના સંપર્કમાં રહીને પોતાનું કૌશલ્ય કે સ્કીલ દર્શાવવાની પૂર્ણ તક મળે. આ માટે જ સાવરકુંડલા શહેર એક અદ્યતન ટેકનોલોજી સાથે સંપૂર્ણ સુવિધા સજજ બારે માસ ચોવીસે કલાક ખુલ્લી રહેતી લાયબેરી ઝંખે છે.

### મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશની જેમ જ

## સાવરકુંડલા પંથકની મહિલાઓને કલ્યાણકારી યોજનાઓનો લાભ આપો

### પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે કરી માંગ

સાવરકુંડલા, તા. ૨૦

યુ.પી.એમ.પી.મહારાષ્ટ્ર વગેરે રાજયમાં ભાજપ સરકાર દ્વારા મહિલાઓને વિવિધ નાણાકીય તેમજ અન્ય સહાયો આપવામાં આવે છે જયારે દિલ્હીમાં પણ ભાજપ સરકાર સત્તામાં આવે તો આવી સહાય આપવાની જાહેરાત કરી છે. જેમાં મહિલાઓને વિવિધ સહાય યોજના અંતર્ગત રૂ. ૨૧૦૦, ૨૫૦૦, ૩૦૦૦ જેવી નાણાંકીય રોકડ સહાય તેમજ સબસીડી આપે છે જયાં તમામ રાજયમાં ભાજપની રાજય સરકારો કાર્યરત છે ત્યારે ગુજરાતમાં પણ ગુજરાતની જનતાએ છેલ્લા ત્રણ દાયકાથી ભાજપની સરકાર ઉપર ભરોસો રાખીને સુકાન સોપ્યું છે ત્યારે ગુજરાતની મહિલાઓને વિવિધ સહાયો આપવામાં આવે. અન્ય રાજયની ભાજપ સરકાર સહાય આપતી હોય તો ગુજરાતની કહેવાતી ગતીશીલ અને સંવેદનશીલ ભાજપ સરકારે આવી વિવિધ સહાયો આપવી જોઈએ તેવી માંગ કરી છે.

ગુજરાત મોડલનો દેશભરમાં ઢંઢેરો ટીંપતો ભાજપ ગુજરાત રાજયની મહિલાઓને અન્યાય કરી રહ્યાના આક્ષેપ સાથે સાવરકુંડલા, લીલીયા તાલુકાના પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે માંગણી કરી છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
















ન ભુતો.. ન ભવિષ્યતી.. આપના સપનાનું ઘર વસાવવાની સુવર્ણ તક..



શ્રીજી નગર - ૧

સ્થળ : લાઠી રોડ, ધરમનગર પાછળ, શિવમ્ રેસીડેન્સીની બાજુમાં, અમરેલી

■ દરેક બાથરૂમમાં નળ તેમજ સાવર ■ દરેક રૂમ તેમજ હોલમાં પી.ઓ.પી. લાઇટ તેમજ તમામ પ્રકારનું લાઇટીંગ
■ ૩ બેડ રૂમ, હોલ, કિચન વાળુ મકાન ■ મજબુત બાંધકામ
■ સ્ટાન્ડર્ડ કવોલીટીનાં ઓઇલ પેન્ટ ■ ગટર કનેકશન
■ સ્વતંત્ર પાણી દાર તેમજ નગરપાલિકા દ્વારા પાણી સુવિધા ■ ગેસ પાઇપલાઇન
■ મોટી વિશાળ કાર પાર્કિંગ સુવિધા ■ ૫ મીટર પહોળાઇ તેમજ ૧૬ મીટર ઉંડાઇ
■ આગળ ૩૦ મીટર પહોળા પાકા સીમેન્ટ રોડ ■ ગેઇટ વાળી સોસાયટી
■ ગરમ પાણીનું સોલાર સાથે ■ સંપુર્ણ હવા ઉજાસ સાથે... તો આજે જ જોવા પધારો...

: સંપર્ક :
અપ્પુભાઇ : ૭૦૧૯૮ ૫૩૭૪૦
જયમલભાઇ : ૯૯૦૪૦ ૬૧૫૯૬
વિમલભાઇ : ૯૮૨૪૯ ૯૩૨૭૭

### કોર્ટે ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો

# કોલકાતા રેપ મર્ડર કેસ : દોષિત સંજય રોયને આજીવન કેદની સજા

**આરોપીએ ગયા વર્ષના ઓગસ્ટ મહિનામાં આ ઘટનાને અંજામ આપ્યો હતો, સંજયે કહ્યું કે હું નિર્દોષ છું અને મને ખોટી રીતે ફસાવવામાં આવી રહ્યો છે**

કોલકાતા, તા. ૨૦

કોલકાતાની RG કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ટ્રેડર ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસના આરોપી સંજય રોયને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ કહ્યું કે સંજય પર ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ લગાવવામાં આવ્યો છે. સિયાલદહ કોર્ટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અનિર્બન દાસે શનિવારે અને ૨૦ જાન્યુઆરીના રોજ રોયને ગયા વર્ષે ૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ હોસ્પિટલમાં એક મહિલા ગ્રેજ્યુએટ ટ્રેઈની ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યા માટે દોષિત ઠેરવ્યો હતો.

આ પહેલા સંજય રોયને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેને સજા અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન ન્યાયાધીશે સંજયને કહ્યું કે તેના પર લગાવવામાં આવેલા આરોપમાં આજીવન કેદ અથવા તો મૃત્યુદંડની સજા થઈ શકે છે. તેના પર સંજયે કહ્યું કે હું નિર્દોષ છું અને મને ખોટી રીતે ફસાવવામાં આવી રહ્યો છે. આ દરમિયાન તેણે એમ પણ કહ્યું કે તેને જેલની અંદર ટોર્ચર કરવામાં આવ્યો હતો.

આ સિવાય લીગલ એન્ડના વકીલ સંજય રોયે કોર્ટને સવાલ કર્યો કે શા માટે મોતની સજા આપવામાં આવશે? સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે જો ગુનેગારને બદલવાનો કોઈ રસ્તો ન હોય તો જ તેને ફાંસી આપી શકાય. કોર્ટે કહેવું પડશે કે શું સંજય રોયને બદલવો અશક્ય છે? સંજયના વકીલે કહ્યું કે તેઓ ફાંસી વિરુદ્ધ નથી, પરંતુ સંજયને બદલવાની તક આપવી જોઈએ.ઓગસ્ટ મહિનામાં બનેલી આ ઘટનાને લઈને દેશભરમાં આક્રોશનું વાતાવરણ ઊભું થયું હતું અને લાંબા સમય સુધી વિરોધ પ્રદર્શનો ચાલુ રહ્યા હતા. ઈર કાર હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી ૩૧ વર્ષીય ડૉક્ટરનો મૃતદેહ મળ્યો તેના એક દિવસ પછી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સંજયની ધરપકડ કરવામાં આવી હતી. ન્યાયાધીશે તેમને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૪, ૬૬ અને ૧૦૩(૧) હેઠળ દોષિત ઠેરવ્યો છે.

સવારે લગભગ ૧૦.૧૫ વાગ્યે રોયને જેલમાંથી બહાર લાવવામાં આવ્યો હતો અને જ્યારે તેને કોર્ટમાં લાવવામાં આવી રહ્યો હતો ત્યારે પોલીસના અનેક વાહનો હાજર હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે સિયાલદાહ કોર્ટમાં લગભગ ૫૦૦ પોલીસકર્મીઓ ગોઠવવામાં આવ્યા છે અને અધિકારીઓએ કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે તમામ શક્ય પ્રયાસો કર્યા છે. જો કે, મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ ગોઠવ્યા હોવા છતાં, ઘણા લોકો કોર્ટ પરિસરમાં એકઠા થયા હતા અને કેટલાક આરોપીઓને જોવા માટે રેલિંગ પર ચઢવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

આરજી કર મેડિકલ રેપ કેસની સમયરેખા

૯ ઓગસ્ટ ૨૦૨૪: હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી એક મહિલા તાલીમાર્થી ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો.

૧૦ઓગસ્ટ ૨૦૨૪: કોલકાતા પોલીસે આ કેસમાં સંજય રોયની ધરપકડ કરી.

૧૩ ઓગસ્ટ ૨૦૨૪: કોલકાતા હાઈકોર્ટે કેસની તપાસ કોલકાતા પોલીસ પાસેથી સીબીઆઈને સોંપી.

૧૯ ઓગસ્ટ ૨૦૨૪: સુપ્રીમ કોર્ટે આ કેસ પર નજર રાખવાનો નિર્ણય કર્યો. ૨૦ ઓગસ્ટ ૨૦૨૪: મેડિકલ પ્રોફેશનલ્સની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુપ્રીમ કોર્ટે નેશનલ ટાસ્ક ફોર્સ (NTF) ની રચના કરી.

૯ ઓગસ્ટ પછી દેશના ઘણા ભાગોમાં વિરોધ પ્રદર્શન થયા. ડોક્ટરોએ પણ કામ કરવાનું બંધ કરી દીધું હતું.

૧૦ ડિસેમ્બર ૨૦૨૪: સીબીઆઈના અહેવાલની નોંધ લેતા, સુપ્રીમ કોર્ટે વિશ્વાસ વ્યક્ત કર્યો કે કેસની સુનાવણી એક મહિનામાં પૂર્ણ થઈ જશે.

૧૮ જાન્યુઆરી ૨૦૨૫: આરોપી સંજય રોયને કોર્ટે ગુનેગાર જાહેર કર્યો. ૨૦જાન્યુઆરી ૨૦૨૫: આજે ૨૦ જાન્યુઆરીએ સિલાયદાહમાં હાજર ઝમૈં કોર્ટે સંજય રોયને આજીવન કેદની સજા સંભળાવી.

### ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર લગાવી રોક

# માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી

**કોર્ટે કેસને રદ કરવાની માગવાળી ગાંધીની અરજી પર ઝારખંડ સરકાર અને ફરિયાદકર્તા પાસેથી જવાબ માગ્યો**

નવી દિલ્હી, તા. ૨૦

માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર આગામી આદેશ સુધી વચગાળાની રોક લગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મેહતાની પીઠે કેસને રદ કરવાની માગવાળી ગાંધીની અરજી પર ઝારખંડ સરકાર અને ફરિયાદકર્તા પાસેથી જવાબ માગ્યો છે. તો વળી માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની અરજી પર સુપ્રીમ કોર્ટે ઝારખંડ સરકાર અને ફરિયાદકર્તા ભાજપ કાર્યકર્તા નવીન ઝાને નોટિસ મોકલી છે. અરજીમાં ઝારખંડ હાઈકોર્ટે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના ચુકાદાને પડકાર આપ્યો હતો. હાઈકોર્ટે માનહાનિ કેસને રદ કરવાની ના પાડી દીધી હતી. હકીકતમાં જોઈએ તો, ભાજપ કાર્યકર્તા નવીન ઝાએ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિની ફરિયાદ નોંધાવી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પ્રચાર દરમ્યાન રાહુલ ગાંધી પર ગૃહમંત્રી અમિત શાહને હત્યારા કહેવાનો આરોપ છે.

### માત્ર બે નંબર પરથી આવશે બેંકિંગ કોલ

# RBI ની નવી ગાઈડલાઈન, કરોડો યૂઝર્સને ફ્રોડથી રાહત

**બેંકોએ ગ્રાહકોને ટ્રાન્ઝેક્શન સંબંધિત કોલ કરવા માટે ફક્ત ૧૬૦૦ થી શરૂ થતી શ્રેણીનો ઉપયોગ કરવો પડશે**

નવી દિલ્હી, તા.૨૦

RBI એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓનલાઈન છેતરપિંડી અને સાઈબર ગુનાઓને રોકવા માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે, જેથી લોકો ફેક નંબરો પરથી આવતા કોલને ઓળખી શકે. રિઝર્વ બેંકે માર્કેટિંગ અને બેંકિંગ માટે બે નવી શ્રેણીના કોલની જાહેરાત કરી છે. આ બે નંબરો પરથી જ મોબાઈલ નંબર પર માર્કેટિંગ અને બેંકિંગ કોલ આવશે. આ બે સીરીઝ સિવાય અન્ય કોઈપણ નંબર પરથી આવતા કોલ ફેક હશે. RBI એ તેની માર્ગદર્શિકામાં કહ્યું છે કે બેંકોએ ગ્રાહકોને ટ્રાન્ઝેક્શન સંબંધિત કોલ કરવા માટે ફક્ત ૧૬૦૦ થી શરૂ થતી શ્રેણીનો ઉપયોગ કરવો પડશે. બેંકો ગ્રાહકોને કૉલ કરવા માટે આ શ્રેણી સિવાયની કોઈપણ નંબર શ્રેણીનો ઉપયોગ કરી શકશે નહીં. આ સિવાય હોમ લોન, પર્સનલ લોન, કાર લોન, ક્રેડિટ કાર્ડ, ઈન્શ્યોરન્સ, ટર્મ ડિપોઝિટ જેવી સેવાઓ માટે બેંક દ્વારા પ્રમોશનલ કોલ કરવામાં આવે છે. બેંકો આ સેવાઓ માટે ગ્રાહકોને માત્ર ૧૪૦ થી શરૂ થતી સિરીઝમાં જ પ્રમોશનલ કોલ કરી શકે છે. આ માટે, બેંકો અને સેવાઓનો પ્રચાર કરતી કંપનીઓએ ટેલિકોમ ઓપરેટરો સાથે વ્હાઈટલિસ્ટમાં પોતાને રજીસ્ટર કરાવવું પડશે.RBI એ તેની માર્ગદર્શિકામાં કહ્યું છે કે આ દિવસોમાં સાયબર ગુનેગારો છેતરપિંડી માટે મોબાઈલ નંબરનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ મોબાઈલ નંબર દ્વારા કોલ અને મેસેજ કરીને લોકો સાથે છેતરપિંડી કરી રહ્યા છે. તાજેતરમાં, આવા ઘણા અહેવાલો પ્રકાશમાં આવ્યા છે જેમાં બેંકોના નામે ફોન કરીને અને મેસેજ મોકલીને લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT) એ તેના સત્તાવાર ઠ હેન્ડલ દ્વારા ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શિકા વિશે વપરાશકર્તાઓને જાણ કરી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની આ માર્ગદર્શિકાથી તે કરોડો મોબાઈલ યુઝર્સને ફાયદો થશે જેઓ અલગ-અલગ નંબરો પરથી બેંકિંગ સેવાઓ સંબંધિત કોલ મેળવે છે. યુઝર્સ માત્ર ૧૬૦૦ અને ૧૪૦ નંબર પરથી આવતા કોલ્સમાંથી જ રિયલ અને ફેક કોલની ઓળખ કરી શકે છે.

### ટોચના ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ જણાવ્યું

# સખત મહેનત કરનાર કોઈ પણ સપનાં સાકાર કરી શકે છે

**ગૌતમ અદાણીએ અદાણી ઈન્ટરનેશલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો સહિત અન્ય અગ્રણીઓને સંબોધન કર્યું**

અમદાવાદ, તા. ૨૦

સખત મહેનત કરનાર કોઈપણ વ્યક્તિ સપનાં સાકાર કરી શકે છે કેમ કે સ્વપ્ન જોવાં એ માત્ર ધનિકોનો વિશેષાધિકાર નથી તેમ ગૌતમ અદાણીએ આજે અહીં જણાવ્યું હતું. દેશ અને દુનિયાના ટોચના ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણી આજે સોમવારે અદાણી ઈન્ટરનેશલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો સહિત અન્ય અગ્રણીઓને સંબોધન કરી રહ્યા હતા. આ સંબોધનમાં તેમણે સફળતા મેળવવા માટે સ્વપ્નની તાકાત, સખત મહેનત તથા મક્કમ મનોબળના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો. અહેવાલ અનુસાર, પોતાના પ્રારંભિક દિવસોને યાદ કરતા તેમણે એ વાતનો સ્વીકાર કર્યો હતો કે, એ સમયે તેમની પાસે કોઈ નક્કર આયોજન, નાણાકીય સ્રોતો કે પછી વગદાર સંપર્કો નહોતા, પરંતુ જે કંઈ હતું તે-જીવનમાં કંઈક અર્થપૂર્ણ કરવા માટેનું સ્વપ્ન હતું. “હું રોજેરોજ આ સ્વપ્ન જોતો. અને હવે જ્યારે મારા ભૂતકાળ પર નજર કરું છું ત્યારે હું કહી શકું છું કે સ્વપ્નો ઉપર ધનિકોનો ઈજારો નથી, સ્વપ્ન જોવાં એ ધનિકોનો વિશેષાધિકાર નથી. એવા તમામ લોકો સ્વપ્ન સાકાર કરી શકે છે જેમને પોતાનામાં આત્મવિશ્વાસ હોય અને સખત મહેનત કરવા તૈયાર હોય” તેમ અદાણી જૂથના ચેરમેને કહ્યું હતું.

તેમની કંપની ભારતની સૌથી ઝડપી પ્રગતિ કરતી કંપની છે એ વાતનો ઉલ્લેખ કરીને ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, તેમની કંપનીનું ધ્યેય માત્ર બિઝનેસ કરવા કરતાં કંઈક વિશેષ છે. “અમે જે કોઈ નિર્ણય લઈએ છીએ, જે કોઈ જોખમ ઉઠાવીએ છીએ તેની પાછળ એક ધ્યેય હોય છે, કે અમે એવું શું સર્જન કરીએ જે વધુ શ્રેષ્ઠ રીતે સેવા કરી શકે? અમે અમારાં સ્વપ્નને પાંખો આપવાની હિંમત, વધુ ઊંચે ઉડવાની તૈયારી તથા અન્ય કોઈપણ કરતાં વધુ ઝડપે આગળ વધવાની તૈયારી રાખીએ છીએ” તેમ તેમણે જણાવ્યું હતું.

દેશ અને દુનિયાના ટોચના ઉદ્યોગપતિમાં સ્થાન પામનાર અદાણીએ વિદ્યાર્થીઓને મોટાં સ્વપ્ન જોવાની હિંમત રાખવા તથા પડકારોનો સામનો કરવાની મક્કમતા રાખવા વિનંતી કરી હતી. નિષ્ફળતાની અનિવાર્યતા અંગે વાત કરતા તેમણે કહ્યું કે, નિષ્ફળતા તો મળશે તથા પીછેહઠ તમારી પરીક્ષા કરશે પરંતુ એટલું યાદ રાખજો કે, નિષ્ફળતા એ સફળતાની વિરોધી બાબત નથી, એ તો સફળતાનો સૌથી અગત્યનો સાથીદાર છે. સામાન્ય અને અસામાન્ય સફળતા વચ્ચે માત્ર મક્કમ મનોબળ તથા પ્રત્યેક પછડાટ પછી ઊભા થવાની હિંમતનો તફાવત છે.ગૌતમ અદાણીએ વાલીઓને પણ જણાવ્યું કે તેમણે તેમનાં બાળકોનાં મજબૂત મૂલ્યો સ્થાપિત કરવા જોઈએ. તમારાં બાળકો માત્ર તમારી સંપત્તિ નહીં પણ તમારાં મૂલ્યો પણ ગ્રહણ કરતાં હોય છે. તેમને મક્કમતા, ધૈર્ય, કરુણા તથા બીજા લોકોની સેવા કરવાના ગુણ આપો. તેમણે ઉમેર્યું કે, સફળતા એ વ્યક્તિગત સિદ્ધિ માત્ર નથી પરંતુ તેના દ્વારા અન્ય લોકો માટે વધુ સારી દુનિયા બનાવવાની હોય છે. તેમને એવી રીતે શિક્ષિત કરો કે તેઓ જ્યાં પણ જાય – ભારતમાં રહે કે વિદેશમાં જાય તો પણ ભારતનો આત્મા તેમની સાથે હંમેશાં રહે

### ત્રીસ લાખથી વધુ રખડતા શ્વાનોની નિર્દયી રીતે કતલ થશે

# ફિફા-૨૦30ની તૈયારી રૂપે મોરક્કોમાં શ્વાનોની હત્યાથી વિશ્વભરમાં આક્રોશ

**મોરક્કોના અમાનવીય પગલાંથી સમગ્ર વિશ્વમાં રોષની લાગણી સાથે ફિફાને દખલગીરી કરવા વિનંતી કરાઈ**

નવી દિલ્હી, તા.૨૦

મોરક્કોની ૨૦૩૦ ફિફા વિશ્વ કપના સહઆયોજનની તૈયારી દરમ્યાન રખડતા શ્વાનોની ક્રૂર હત્યાથી સમગ્ર વિશ્વમાં આક્રોશ ફેલાયો છે. પર્યાવરણવાદી જેન ગૂડોલ અને ઈન્ટરનેશનલ એનિમલ વેલફેર પ્રોટેકશન કોઓલેશન (આઈએડબ્લ્યુપીસી) જેવી સંસ્થાઓએ ત્રીસ લાખથી વધુ રખડતા શ્વાનોની સામૂહિક કત્લેઆમની ટીકા કરી છે. આ પ્રવૃત્તિ ઓગસ્ટ ૨૦૨૪માં સમાપ્ત થઈ હોવાના મોરક્કોના દાવા છતાં આઈએડબ્લ્યુપીસીએ કત્લેઆમ હજી ચાલુ હોવાનો ભારપૂર્વક દાવો કર્યો છે.અહેવાલમાં શ્વાનોની નિર્દયી રીતે કત્લ કરવા અગાઉ તેમને સ્ટ્રાઈકનિનથી ઝેર આપવું, ગોળી મારવી અને પીડાદાયક ઉપકરણોથી પકડવા સહિતની વિચલિત કરતી પદ્ધતિઓ વિશે જાણકારી આપવામાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શ્વાનો લોહીના ખોબોચિયામાં પડેલા, પીડાથી કણસી રહ્યા હોવાના તેમજ ઝેરથી તરફડી રહ્યા હોવાના પીડાદાયક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ઓળખની ટેગ સાથે પાળેલા અને વેક્સિન આપવામાં આવેલા શ્વાનોને પણ આડેધડ મારવામાં આવી રહ્યા છે. ગૂડોલે ફિફાને દખલગીરી કરવાની વિનંતી કરીને સંભવિત બહિષ્કાર તેમજ તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચવાની ચેતવણી આપી છે. ગૂડોલે શ્વાનોની હત્યા અટકે નહિ તો મોરોક્કોના આયોજનના અધિકારો છીનવી લેવાની હાકલ કરી છે. કાર્યકરો અને સંસ્થાઓએ શ્વાનોની સંખ્યા પર નિયંત્રણ કરવા નસબંધી, દત્તક અને રસીકરણ જેવા માનવીય પગલા લેવાની ભલામણ કરી છે.શ્વાનોની સામૂહિક કત્લેઆમને કારણે સોશિયલ મીડિયા પર વ્યાપક રોષ વ્યક્ત થઈ રહ્યો છે અને તેને રોકવા વૈશ્વિક કાર્યવાહીની હાકલ કરવામાં આવી રહી છે. જાહેરમાં કરાતી આ હત્યાના વિચલિત કરતા પ્રકારને કારણે મોરક્કો બાળ અધિકારો પર યુનોના સંમેલન સહિત આંતરરાષ્ટ્રીય ધોરણોનો ભંગ કરી રહ્યું હોવાનો આરોપ પણ થઈ રહ્યો છે.મોરક્કોની આવી અમાનવીય હરકત સામે ફિફાએ ચૂપકીદી સેવી હોવાથી વિવાદ હજી વધુ વ્યાપક બનવાની સંભાવના છે અને નૈતિક સમાધાન તેમજ જવાબદારીની માગણી વધુ તીવ્ર બનશે.

### સેન્સેક્સ ૪૫૪ પોઈન્ટ વધીને બંધ થયો

# પાવર, ટેલિકોમ અને ફાઇનાન્શિયલ સેક્ટરના શેરમાં ઉછાળો જોવા મળ્યો

મુંબઈ, તા.૨૦

કારોબારી સપ્તાહના પહેલા દિવસે બજારમાં જોશ અને ઉત્સાહ જોવા મળ્યો. પાવર, ટેલિકોમ અને ફાઈનાન્શિયલ સેક્ટરના શેરમાં ઉછાળાને કારણે સેન્સેક્સ ૪૫૪ પોઈન્ટ વધીને બંધ થયો અને નિફ્ટી ૨૩,૩૦૦ની ઉપર બંધ થયો. ભારતીય ઈક્વિટી ઈન્ડેક્સ નિફ્ટી આજે એટલે કે ૨૦ જાન્યુઆરીએ ૧૪૨ પોઈન્ટ વધીને બંધ થયો હતો. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે તેમની વાતચીત ’ખૂબ સારી’ હતી. આ નિવેદનથી બંને દેશો વચ્ચેના વેપારને લઈને તણાવ ઓછો થવાનો સંકેત મળ્યો છે, જે બાદ આજે વૈશ્વિક શેરબજારોમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. અમેરિકન શેરબજારો શુક્રવારે લીલા નિશાનમાં બંધ થયા હતા. તે જ સમયે, હેંગસેંગ અને નિક્કી ૨૨૫ જેવા એશિયન સૂચકાંકોમાં પણ વૃદ્ધિ જોવા મળી હતી. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે, "ટેરિફ પર ટ્રમ્પના નરમ વલણથી શેરબજારના સેન્ટિમેન્ટમાં તેજી રહેવાની અપેક્ષા છે.

શેરબજારમાં આજના ઉછાળાની આગેવાની બેક્કિંગ શેરોએ કરી હતી. કોટક મહિન્દ્રા બેંકના શેરમાં સૌથી વધુ ૯%નો ઉછાળો આવ્યો હતો. કોટક બેંકના ડિસેમ્બર ક્વાર્ટરના મજબૂત પરિણામો બાદ આ વધારો થયો છે. બેંકે કહ્યું કે ડિસેમ્બર ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો ૧૦ ટકા વધીને ૪૭૦૧ કરોડ રૂપિયા થયો છે. બીજું, આજે ટ્રેડિંગ દરમિયાન નિફ્ટી બેક્ર ઈન્ડેક્સ ૨ ટકા સુધી ઉછળ્યો હતો. ઈન્ડેક્સમાં સમાવિષ્ટ ૧૨માંથી ૧૧ શેરો લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

સોમવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૧૪ પૈસા વધીને ૮૬.૪૬ ના સ્તર પર ખુલ્યો હતો. તે જ સમયે, વિશ્વની છ મુખ્ય કરન્સી સામે ડૉલરની મજબૂતાઈને માપતો ડૉલર ઈન્ડેક્સ ૦.૨૨ ટકા ઘટીને ૧૦૯.૧૦ થયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેટ ક્રૂડ ઓઈલની કિંમતો પણ સ્થિર રહી અને ૦.૧૨% ઘટીને બેરલ દીઠ ઈ૮૦.૬૯ થઈ ગઈ. આ કારણે બજારનું સેન્ટિમેન્ટ મજબૂત બન્યું છે.

### કામકોટીના દાવાની સોશિયલ મીડિયા પર ભારે ટિકા

# ગૌમુત્રથી રોગોની સારવાર શક્ય : IIT મદ્રાસના ડાયરેક્ટ

**કામકોટી દાવાનો પુરાવો આપે નહીં તો માફી માગે, તેઓ આઇઆઇટીને લાયક નથી : તામિલનાડુના પક્ષોનો વિરોધ**

ચેન્નાઈ, તા.૨૦

દેશની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સ્થાન ધરાવતા આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર વી કામકોટીએ એક વિચિત્ર દાવો કર્યો હતો, તેમણે કહ્યું હતું કે મારા જાણીતા એક સન્યાસીને ખુબ તાવ આવ્યો હતો, તેમણે ગૌમૂત્રનો ઉપયોગ કર્યો ને તેમનો તાવ ઉતરી ગયો, ગૌમૂત્રનો ઉપયોગ સારવાર માટે શક્ય છે. આઈઆઈટી ડાયરેક્ટરના આ નિવેદનની સોશિયલ મીડિયા પર ભારે ટિકા થઈ હતી. ચેન્નઈમાં ગાય પર આધારીત એક કાર્યક્રમને સંબોધતા આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર કામકોટીએ કહ્યું હતું કે ગૌમૂત્રમાં એન્ટી-બેક્ટીરિયલ અને એન્ટી-ફંગલ ગુણો હોય છે. ગૌમુત્રથી પાચનતંત્ર સારુ રહે છે અને ઈરિટેબલ બાઉલ સિન્ડ્રોમ જેવી પાચન સાથે સંકળાયેલી સમસ્યાઓની સારવાર કરી આપે છે. એક સન્યાસીએ તાવની સારવાર માટે ગૌમુત્રનો ઉપયોગ કર્યો હતો. જોકે આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટરના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને લોકોએ ગૌમુત્રથી સારવાર શક્ય છે તેવા દાવાનો પુરાવો માગ્યો હતો. ડીએમકેના નેતા ટીકેએસ ઈલંગોવને કહ્યું હતું કે આ પ્રકારની વ્યક્તિ આઈઆઈટી જેવી સંસ્થાના ડાયરેક્ટરના પદ પર રહેવાને લાયક નથી, તેમને કોઈ મેડિકલ કોલેજમાં તૈનાત કરવા જોઈએ, આઈઆઈટી એન્જિનિયરિંગ સંસ્થા છે. પેરિયાર દ્રવિડર કઝગામના નેતા કે રામાક્રિષ્નને કહ્યું હતું કે કામકોટીએ ગૌમુત્રથી સારવાર શક્ય છે તેવા જે દાવા કર્યા છે તેના પુરાવા આપે નહીં તો માફી માગે. જો તેઓ માફી નહીં માગે તો તેમની સામે અમે વિરોધ પ્રદર્શન કરીશું. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટરના આ દાવાનું સમર્થન પણ કર્યું હતું. જોકે હાલ તેમના આ નિવેદનને કારણે સોશિયલ મીડિયા પર ગૌમુત્ર પર ચર્ચા છેડાઈ ગઈ છે.

## વિજાપુરની ૬૯ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ઝાયડ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા

અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં હવે HMP વાયરસનો ધીમીગતિએ વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ HMPVનો વધુ એક કેસ નોંધાયો છે. વિજાપુરની ૬૯ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝિટિવ આવતા ઝાયડ્સ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે.અત્રે જણાવીએ કે, અમદાવાદમાં HMP વાયરસના અત્યાર સુધી કુલ ૬ કેસ નોંધાયા છે. જેમાંથી ૫ દર્દીઓ સાજા થતા હોસ્પિટલથી ડિશચાર્જ કરાયા છે. હાલ અમદાવાદમાં HMPVનો ૧ કેસ એક્ટિવ છે. આ વાઈરસ શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફલુનો સમાવેશ થાય છે.-શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

### ૨૬ જાન્યુઆરીથી ઉત્તરાખંડમાં લાગૂ થાય તેવી શક્યતા

# UCC નિયમાવલીને ધામી કેબિનેટે મંજૂરી આપી દીધી

**મુખ્ય મંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક થઈ અને યૂસીસી નિયમાવલીને મંજૂરી આપી દીધી**

દેહરાદૂન, તા. ૨૦

ઉત્તરાખંડ સરકારે યૂસીસી [redacted] બાદ ૨૦ જાન્યુઆરી એટલે કે આજે મુખ્ય મંત્રી પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક થઈ અને યૂસીસી નિયમાવલીને મંજૂરી આપી દીધી. હાલના સમયમાં નગર નિગમની ચૂંટણીને લઈને આદર્શ આચાર સંહિતા લાગૂ છે. તેના કારણે ઉત્તરાખંડ શાસને રાજ્ય ચૂંટણી પંચને પત્ર મોકલી મંત્રીમંડળની બેઠક કરવાની મંજૂરી માગી હતી.

રાજ્ય ચૂંટણી પંચ પાસેથી મંજૂરી મળ્યા બાદ ધામી મંત્રીમંડળની બેઠક, સોમવારે સચિવાલયમાં શરુ થઈ હતી. મંત્રીમંડળ તરફથી આ બેઠકમાં મહત્ત્વના બિંદુ યુનિફોર્મ સિવિલ કોડ નિયમાવલીને મંજૂરી આપી હતી.

અડધા કલાક સુધી ચાલેલી આ બેઠક દરમ્યાન મંત્રી મંડળે યૂનિફોર્મ સિવિલ કોડની નિયમાવલીને મંજૂરી આપી હતી. ત્યારે હવે સંભાવના એવી છે કે ઉત્તરાખંડમાં ૨૬ જાન્યુઆરીના રોજ યૂનિફોર્મ સિવિલ કોડ લાગૂ કરી દેશે.

### સુરતની પરિણીતાને મારવાનો થયો પ્રયાસ

# સાસરીયાઓએ બીજી દિકરી જન્મતા વહુને ઝેર પીવડાવ્યું

સુરત,તા.૨૦

એક તરફ બેટી બચાવોની વાત સરકાર દ્વારા કરવામાં આવે છે અને બીજી તરફ હજુ પણ દીકરીના જન્મથી પરિવાર ના ખુશ હોય તેવા કિસ્સા સામે આવે છે. ત્યારે આવી જ એક ઘટના સુરતના ઉમરવાડા વિસ્તારમાં સામે આવી છે. બીજી દીકરીનો જન્મ થતા પતિ પત્ની વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતા હતા. એક દિવસ તો પતિએ હદ કરી નાખી હતી. આ ઝઘડામાં પતિએ પત્નીનું મોઢું દબાવી દીધુ અને નણંદે ઉંદર મારવાની દવા પરિણીતાને પીવડાવી દીધી હતી. તો બીજી તરફ આ ઘટનાને લઈને પતિ અને નણંદ સામે પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બંનેની ધરપકડ કરી વધુ તપાસ કરી છે. સુરતના ઉમરવાડા વિસ્તારમાં પતિ સાથે રહેતી પરિણીતા તસ્લીમાના લગ્ન ત્રણ વર્ષ પહેલા આકિબ યુસુફ અન્સારી નામના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ પરણીતાએ એક દીકરીને જન્મ આપ્યો હતો. જે બાદ તે ફરીથી ગર્ભવતી થતા બીજી દીકરીનો જન્મ થયો હતો. દીકરીનો જન્મ થયો હોવાની વાત આકીબ અને તેના પરિવારના સભ્યોને પસંદ ન હતી. આકીબ અને તેની પત્ની વચ્ચે આ વાતને કારણે અવારનવાર ઝઘડાઓ પણ થતા.

તો થોડા મહિના પહેલા જ આકીબની બહેનની સગાઈ થઈ હોવાને લઈને અણબનાવમાં આકિબ દ્વારા તેની પત્ની તસ્લીમાને માર મારવામાં આવ્યો હતો. પતિ પત્ની વચ્ચે જે ઝઘડાઓ થતા હતા. તો ઘણી વખત આ ઝઘડા ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા હતા. ૧૭ જાન્યુઆરીના રોજ ફરીથી આકીબ અને તેની પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને બીજી દીકરીના જન્મ બાબતનો રોષ રાખીને આ ઝઘડાની અદાવતમાં પતિએ પોતાની પત્નીનું મોઢું પકડી રાખ્યું હતું અને ત્યારબાદ નણંદ રોશને ઉંદર મારવાની દવા પરિણીતાને પીવડાવી દેવામાં આવી હતી. ઝઘડાના કારણની વાત કરવામાં આવે તો ૧૭ જાન્યુઆરીના રોજ આકિબની દીકરી ઉંઘમાંથી ઉઠી ગઈ અને રડી રહી હતી અને તેના કારણે આકીબની નીંદર ઉડી હતી તેથી તે ગુસ્સે થઈ ગયો હતો અને પત્નીએ પતિને ગુસ્સો ન કરવાનું કહેતા તેને સૌ પ્રથમ પત્નીને તમાચા મારી દીધા હતા.

ત્યારબાદ પરાણે ઉંદર મારવાની દવા પીવડાવી દીધી હતી. આ ઘટનામાં પરિણીતાને તાત્કાલિક અસરથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને બીજી તરફ સ્વસ્થ થયા બાદ પરિણીતાએ પુણા પોલીસ સ્ટેશનમાં આ બાબતે ફરિયાદ નોંધાવતા પતિ આકીબ અને નણંદ રોશનની પૂણા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લાનાં હડાળા ખાતે જીવામૃત પ્લાન્ટનું લોકાર્પણ






હડાળા ગામ ખાતે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાઈન્સ યુનિવર્સિટિ દ્વારા FPO ક્ષમતા નિર્માણ અને બાયો ઈનપુટ સેન્ટર ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ધારી બગસરા ધારાસભ્યનાં પ્રતિનિધિ શ્રીમતી કોકિલાબેન જયસુખભાઈ કાકડિયા, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાઈન્સ યુનિવર્સિટિના માનનીય કુલપતિ ડો. સી. કે. ટીંબડીયા, આત્મા પ્રોજેક્ટ ડાઈરેક્ટર મહેશ જીડ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાઈન્સ યુનિવર્સિટિના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. રશ્મિકાંત ગુર્જર તેમજ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો. સ્વપનિલ દેશમુખે હાજરી આપી હતી. કાર્યક્રમમા ત્રણસો જેટલા ખેડૂતમિત્રોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત ગૌ પૂજનથી કરવામાં આવી હતી. ત્યારબાદ બાયો ઈનપુટ સેન્ટરનું લોકાર્પણ થયું. ઉપસ્થિત મહેમાનોનું શાલ, સૂતરની આટી તેમજ હિંગળાજ પ્રાકૃતિક ફાર્મનીકિટથી સ્વાગત કરવામાં આવ્યું. હિંગળાજ પ્રાકૃતિક ફાર્મની કિટનું વિતરણ કરવાનું કારણ તેમને પ્રોત્સાહન તથા કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના કર્મચારીઓનું કહેવાનું હતું કે અમારી યુનિવર્સિટિ જે વિની પ્રથમ યુનિવર્સિટિ છે જે દેશી બિયારણની જાળવણી કરતાં ખેડૂતોને એક મોટું સ્ટેજ પૂરૂ પાડવાના હેતુથી તેમજ સતત થતી યુનિવર્સિટિ પ્રવુતિઓમાં આગળ લાવવા ઈચ્છે છે. પ્રગતિશીલ ખેડૂત ઘનશ્યામભાઈ ટીંબડીયા તેમજ ભીખુભાઈ બોરડ દ્વારા પોતાના ફાર્મ પરના પ્રાકૃતિક ખેતીનાં અનુભવો, કચ્છ પ્રેરણા પ્રવાસ અંતર્ગત મુલાકાત કરેલ જીવામૃત પ્લાન્ટથી માહિતગાર કર્યા તેમજ હડાળા ખાતે તૈયાર થયેલ પ્લાન્ટમાં પોતાના પ્રેરણા પ્રવાસ દરમિયાન મળેલ માહિતીથી મદદરૂપ બન્યા હતા. ધારાસભ્યનાં પ્રતિનિધિ શ્રીમતી કોકિલાબેન દ્વારા બાયો ઈનપુટ સેન્ટર વિષય પર માહિતી આપીને સમગ્ર ખેડૂતમિત્રોનો ઉત્સાહ વધાર્યો હતો. ડો. રશ્મિકાંત ગુર્જર દ્વારા FPO શું છે તેમજ તેના ક્ષમતા નિર્માણ વિષય પર માહિતગાર કર્યા હતા. આત્મા પ્રોજેક્ટ ડાઈરેક્ટર મહેશ જીડ દ્વારા કાર્યક્રમ અનુરૂપ માહિતી, આત્મા દ્વારા અપાતી સહાયો તેમજ ફાઈનાન્સિયલ સપોર્ટની વાત કરીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાકલ કરી હતી. માનનીય કુલપતિ ડો. સી. કે. ટીંબડીયા દ્વારા આવનાર ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતી કેટલી મહત્વપૂર્ણ બની રહેશે તેમજ બાયો ઈનપુટ કેટલો મહત્વનો ભાગ છે તે સમજાવ્યું હતું, તેમજ બાયો ઈનપુટ પ્લાન્ટ અમરેલી જીલ્લાના લોકો માટે એક પ્રેરણા રૂપ સાબિત થશે એવું જણાવ્યું હતું તેમજ હાજર રહેલા ખેડૂતમિત્રોનો ઉત્સાહ વધારી ઉપસ્થિત રહેલ સમગ્ર જનસંખ્યાને પ્રાકૃતિક ખેતી અપનાવવા વિશે કહ્યું હતું. અંતે હડાળા ગામના સરપંચ પુનાભાઈ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ મહેમાનઓનો તેમજ ખેડૂતમિત્રોનો આભાર વ્યકત કર્યો હતો. વધુમાં જીવામૃતના પ્લાન્ટની સ્થાપના કરવા તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવા કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો. સ્વપનિલ દેશમુખ અને બી. ડી. મકવાણા અને અન્ય સ્ટાફ ટીમ તેમજ રોહિતભાઈ તથા સુધીરભાઈ જે ૩ દિવસથી ગૌશાળા ખાતે દિવસ રાત એક કરી આ કાર્યને પૂર્ણાહુતિ સુધી પહોંચાડેલ જે બદલ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાઈન્સ યુનિવર્સિટિ, હાલોલના માનનીય કુલપતિ દ્વારા તેમના કાર્યને બિરદાવતા અભિનંદન પાઠવેલ.

### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

## રાજુલા પોલીસે પાંચ મોબાઈલ અને બે બાઈક મુળ માલીકને શોધી પરત કર્યા

### CEIT પોર્ટલ તેમજ ટેકનીકલ સોર્સનો ઉપયોગ કર્યો






રાજુલા, તા. ૨૦

રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાનાઓની સુચના અને માર્ગદર્શથી રાજુલા પો.સ્ટે. માં CERI પોર્ટલમાં મોબાઈલ ફોન પડી ગયેલની એન્ટ્રી કરેલ જેમાં (૦૧) અરજદાર જોરૂભાઈ ટપુભાઈ વાળા રહે. રાજુલાવાળાનો SAMSUNG A032 GALAXY મોબાઈલ ફોન કિ. રૂ.૭૦૦૦/-નો પડી ગયેલની CEIR પોર્ટલમાં ૨૦૨૫૦૧૦૯૦૨૦૨૧૨૩૫ ૧૨ નંબર થી એન્ટ્રી કરેલ જે આ મોબાઈલ ફોન ટ્રેસ થતા પરત મેળવી અરજદારને પરત શોપી તેમજ (૦૨) અરજદાર રાજેન્દ્રસિંહ જયવંતસિંહ ગોહિલ રહે. રાજુલા મનમંદિર-૧ વાળાનો VIVO T3X 5G મોબાઈલ ફોન કિ.રૂ.૧૩૦૦૦/-નો પડી જતા CEIR પોર્ટલમાં ૨૦૨૫ ૦૧૧૭ ૧૧૪૬ ૩૦૩૫ ૧૨ નંબર થી એન્ટ્રી કરેલ જે આ મોબાઈલ ફોન ટ્રેસ થતા પરત મેળવી અરજદાર ને પરત શોપી તેમજ (૦૩) તેમજ રાજુલા ટાઉન વિસ્તાર માં પેટ્રોલીંગ દરમ્યાન infinix note 40x 5G મોબાઈલ ફોન કિ. રૂ.૯૦૦૦/-નો મળી આવતા જે ટેકનીકલ સોર્સના માભયમ થી મુળ માલિક ગૌસ્વામી મિતુલ બળદેવગીરી રહે. કોડીનાર જી. ગીરસોમનાથ વાળા ને શોધી પરત શોપી તેમજ (૦૪) VIVO T1 મોબાઈલ કિ.રૂ. ૧૪૦૦૦/-ફોન મળી આવતા જે ટેકનીકલ સોંના માધ્યયમ થી મુળ માલીક વિપુલભાઈ બાવચંદભાઈ ઢાપા રહે. લોઠપુર તા. જાફરાબાદ વાળાને શોધી પરત શોપે તેમજ (૦૫) MOTOROLA EDGE 40 મોબાઈલ કિ.રૂ. ૮૦૦૦/- ફોન મળી આવતા જે ટેકનીકલ સોર્સના માધ્યમથી મુળ માલીક હિતેષભાઈ નથુભાઈ રાઠોડ રહે. કોવાયા તા.રાજુલા વાળા ને શોધી પરત શોપી તેમજ (૦૬) રાજુલા હિતેશ મોલ પાસે ત્રણ દિવસ થી પડી રહેલ મો.સા જેના આર.ટી.ઓ રજી.નં. GJ 14 AF 1500 જેની કિ.રૂ.૨૦૦૦૦/- નું ઈ-કોપ માં સર્ચ કરતા મુળ માલિક મ એભલભાઈ ખોડુભાઈ ખુમાણ રહે. સાવર કુંડલા વાળાઓ એ મહમદ મોસીન મિયાદાદ ચેહાણ રહે. રાજુલા ને વેચી નાખેલ હકિકત જણાવતા અરજદારનેનો સંપર્ક કરતા અજદાર મો.સા ભુલ થી ત્યાં મુકીને જતો રહેલનું જણાવતા પરત શોપી તેમજ (૦૭) રાજુલા પો.સ્ટેમાં બીએનએસએસ કલમ ૩૫(૧)(ઈ)૧૦૬ મુજબ કબ્જે કરેલ મો.સા જેના રજી નં. GJ 04 BD 3768 જેની કિ.રૂ.૨૫૦૦૦/-વાહનના મુળ માલિક જયંતીભાઈ દામજીભાઈ વેગડ રહે. ટાણા તા.શિહોર જી. ભાવનગર વાળાઓનો સંપર્ક કરી આધર પુરાવા રજુ કરતા પરત શોપી આપી એમા કુલ પાંચ મોબાઈલ ફોન જેની કિમત રૂ.૫૧૦૦૦/- તથા બે મોટર સાઈકલ જેની કિ.રૂ.૪૫૦૦૦/- મુળ માલિકને પરત આપી તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ ખરા અર્થમાં સાર્થક કરેલ છે.

## ગાવડકાની ગલીઓમાં પોસ્ટ ઓફિસ યોજનાની જાણકારી અપાઈ




તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

અમરેલી, તા. ૨૦

ગાવડકા પોસ્ટ ઓફીસ દ્વારા ડાક ચૌપાલ અંતર્ગત ગાવડકા ગામમાં બ્રાં.પો.માં કે.કે.મહેતા તથા હસમુખભાઈ રાવલ દ્વારા ગામમાં તથા શેરીઓમાં પોસ્ટ ઓફિસની યોજનાઓ વિશે સમજણ આપી તથા એસબી, આઈડી, ટીડી, આર.પી.એલઆઈ. એસએસએ વિગેરે ખાતાઓ વિશે વિસ્તૃત રીતે સમજાવી પોસ્ટમાં ખાતા ખોલવા સમજણ આપી તથા સિનિયર સીટીજન વ્યકિતઓ માટે પણ પોસ્ટ ઓફિસમાં માસિક આવક યોજના સી.સીટીજન યોજના તથા પીપીએફ ખાતા દ્વારા ખોલાવી શકે છે. તથા ઈન્ડિય પોસ્ટ પેપેન્ટ બેંક વિશે પણ માહિતી આપી.

## રાજુલા : બજરંગદાસ બાપાની ૪૮મી નિર્માણ પુણ્યતિથિની ઉજવણી

રાજુલા, તા. ૨૦

રાજુલા શહેરમાં મીરાનગર ખાતર આવેલ બગડેર મહાદેવના સાનિધ્યમાં ગરૂ આશ્રમ ભેરાઈ રોડ ખાતે પૂજય બજરંગદાસ બાપાની ૪૮મી પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું જેમાં સવારથી જ વિવિધ કાર્યક્રમો શરૂ કરવામાં આવેલા સવારના રાજભોગ આરતી સંધ્યા આરતી બાપાનો મહાપ્રસાદ હનુમાન ચાલીસા તેમજ ફ્રી રોગ સર્વ નિદાન કેમ્પ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન આ બગડેર મહાદેવના મંદિરના સાનિધ્યમાં કરવામાં આવેલું આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકોએ હાજરી આપેલી ખાસ વિશેષ વાત એ છે કે અહીંયા મહાપ્રસાદમાં બગદાણાની જેમ જ લોકોને બેસાડી અને પ્રસાદી આપવામાં આવેલી અને આ પ્રસાદીમાં સેવા આપવામાં બાપા સીતારામ સેવા મંડપ ગ્રુપ ખોડીયાર મંદિર રાજુલાના ગ્રુપ દ્વારા આ મહાપ્રસાદ ભાવિકભકતોને પીરસવામાં પોતાની વિશેષ સેવા આપેલી આ કાર્યક્રમમાં રાજુલાના વેપારીઓ અગ્રણીઓ કાર્યકરો રાજકીય મહાનુભાવો સહિતના અનેક લોકોએ હાજરી આપી અત્રે જણાવી દઈએ કે રાજુલા શહેરનું આ બગડેર મહાદેવનું મંદિર મીની બગદાણા તરીકે રાજુલા શહેરમાં ઓળખાય છે ત્યારે સમગ્ર કાર્યક્રમમા બહોળી સંખ્યામાં જે કોઈ લોકોએ હાજરી આપી જે કોઈ લોકોએ પોતાનું યોગદાન આપ્યું છે તે માટે સમગ્ર મીરાનગર દ્વારા તમામનો આભાર વ્યકત કરવામાં આવ્યો અને સાંજના હનુમાન ચાલીસા કાર્યક્રમ દરમિયાન ભરતભાઈ મકવાણા તેમજ ઉમેદભાઈ જે મહાકુંભના દર્શન કરીને રાજુલા આવ્યા હોય ત્યારે તેમને પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી અને સન્માનિત કરવામાં આવેલા.


### ધર્મરક્ષક, ગૌરક્ષક, શૌર્ય પ્રતિક, વીરદાદા જશરાજ

## રઘુવંશીઓ-લોહરાણાઓનાં સરતાજ, વીરદાદા જશરાજનો આવતી કાલે શૌર્ય દિન

### રામ રાજયનાં મહારાજા, ગૌરક્ષક વીરદાદા જશરાજનો સંક્ષિપ્ત ઈતિહાસ

અમરેલી, તા. ૨૦

શોર્યભૂમિ મનાતી એવી ભારત ભૂમિ પર અવતરિત શુરવીર યોધ્ધા સુર્યવંશનાં વંશજ લોહરાણા કુળ મા જન્મેલા લોહરગઢનાં મહારાણા વીરદાદા જશરાજનો ૨૨ જાન્યુઆરીનાં રોજ શોર્ય દિન છે. દાદા જશરાજનો જન્મ લોહર કોટમાં થયો હતો. લોહ એટલે લોખંડ જેવા મજબુત. લોહરાણાઓ કે જેમણે ત્રણસો વર્ષ પર્યન્ત ભારત દેશની ચોકીદારી કરી. શુરવીરતા, સમર્પણ, કરૂણા અને કોઈના દુ:ખમાં ભાગ લેવો એ વર્ષોથી લોહરાણાઓની પરંપરા રહી છે. રાજા વસ્તુપાળ અને રાણી વીરકોરના પાટવી કુંવર મોટા પુત્ર વસ્તરાજ ઉર્ફે વચ્છરાજ દાદા અને નાના પુત્ર વીર જસરાજ જેમનો જન્મ ઈ.સ. ૧૦૩૨, વિક્રમ સવંત ૧૦૮૭, હીજરી સન ૪૨૨માં થયો. બંને ભાઈ બાલ્યાવસ્થાથી જ વીર, તેજસ્વી અને ઘોડેસવારીમાં નિપુણ હતા અને વીર યોધ્ધા તરીકે ઓળખાતા હતા. તા. ૧૫/૧/૧૦૪૮ને શુક્રવાર વિક્રમ સવંત ૧૧૦૩, હીજરી સન ૪૩૯નાં દીને કુંવર વચ્છરાજને લોહર કોટનાં નવા મહારાણા તરીકે સ્થાપિત કરાયા. પરંતુ એક પગે અપંગતા હોવાથી દીલાવર દીલનાં વચ્છરાજ દાદાએ જાતે પોતાના નાનાભાઈ જસરાજને રાજતીલક કરી લોહર કોટનાં નવા મહારાણાની જાહેરાત કરી. તેમણે વિધર્મીઓનો અંત કરીને કાબુલનાં કિલ્લા ઉપર વિજય ધ્વજ ફરકાવ્યો એવું કહેવાય છે કે જેટલો ત્યાગ ગુરૂ ગોવિન્દ સિંહમાં હતો, જેટલો શોર્ય મહારાણા પ્રતાપમાં હતું કે જેટલુ સાહસ વીર શિવાજીમાં હતુ તેટલી જ શકિત, સાહસ અને શોર્ય સુર્યવંશી રાણા જસરાજમાં હતુ. રામ રાજયના સમયમાં ભગવાન શ્રીરામની આજ્ઞાથી ભરત મહારાજે તે વખતના ગાંધાર (હાલ અફઘાનિસ્તાન) પ્રદેશમાં જાગેલા




વિદ્રોહને પરાજિત કરી તે પ્રદેશમાં તક્ષશીલા અને કોંકણપુર (પેશાવર) શહેરો વસાવ્યા હતા અને સમસ્ત રઘુવંશી રાજયની સ્થાપના કરી હતી. અત્યારના પાકિસ્તાનની ઉતરભ્રમી અને અફઘાનિસ્તાનની દક્ષીણી ભુમી પર હિમાલયની ગિરિમાળા વચ્ચે લોહર પ્રદેશ હતો. આ રાજય હોવાથી તે વખતના ભારતના રાજય મંડળે લોહ રાજવીને લોહરાણાનો શીરપાવ એનાયત ક્યો હતો. તે સમયે મોગલશાહ ચંગીઝખાન અને મહંમદ ગઝનીએ અવારનવાર કરેલી ચઢાઈઓને લોહરાણાઓએ મારી હટાવી હતી. ઈસવીસન પૂર્વે સિકંદર કૂચ અટકાવનાર લોહરાણા પોરસની જેમ જશરાજે ઈરાનીઓ અને અફઘાનિસ્તાનીઓની કૂચને અટકાવી હતી. કુંવર જસરાજની સગાઈ ઉનડકોટનાં રાણા રઘુપાલ ઉનડકોટની દીકરી સાથે થઈ હતી. વસંતપંચમીના દિવસે જયારે જસરાજજીના લગ્નનો દિવસ હતો એ દિવસે જ મલેચ્છ સેનાએ કંદહાર અને હિંદુકુશના રસ્તેથી આવી ઉનડકોટની નજીક જ આવેલ લાતુરગઢ ઉપર હુમલો કર્યો. ઉનડકોટમાં મહારાણા જસરાજનાં લગ્નમાં બધા મગ્ન હતા. મલ્લેછોએ ઉનડકોટની ગાયોનું હરણ કરી લીધું હતુ. એક ગોવાળે આ સમાચાર સેનાપતિ સિંધુદેવ શર્માને આપ્યા. તેઓએ પોતાના અંગત સાથીદારોને સાથે લઈ વિધર્મીઓની સામે બાથે ભીડ્યા. આ યુદ્ધમાં વિધર્મીઓએ ગાયોને સામે રાખી હતી હવે જો તેઓ શસ્ત્ર ઉપાડે, સામો પ્રહાર કરે તો ગાયોનુ મૃત્યુ થાય માટે તેઓએ હાથબળથી યુધ્ધ કર્યુ અને વિરગતી પામ્યા. જયારે સેનાપતિ સિંધુદેવ શર્માનુ શવ ઘોડા ઉપર આવે છે. દાદા જસરાજ સહિત બધાની આંખોમા આંસુ આવી જાય છે. તેમની મોટી બહેન હરકેર પોબારૂની વિનંતીથી દાદા લગ્ન વેદીનાં ચાર ફેરા તો ફરે છે પરંતુ પોતાની પત્નીની સંમતિથી જ લગ્ન પછી તરત જ ગાયોના રક્ષણ માટે યુધ્ધે ચડે છે. જેમાં તેની બહેન હરકેર પણ મદદ કરી હતી. આખરે કાબુલનાં દુશ્મન પરાજિત થયા, અને જશરાજ વિજયી થયા. લોહર સૈનિકનાં વેશમાં આવેલ એક શત્રુએ લગ્નની ખુશાલીમાં જસરાજ ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી વંદન કરી દગાથી જસરાજની ગરદન ઉપર સાંગ મારી માથું ઉતારી દીધું. જસરાજનું માથા વિનાનું ધડ પણ ઝનૂનથી લડે છે ત્યારથી તેઓ લોહાણા અને ભાનુશાલીઓ દ્વારા વીરદાદા જશરાજ કુળદેવતા તરીકે પૂજાતા આવ્યા છે અને તેની બહેન હરકેરની લોહાણા કુળ દ્વારા કુળદેવી તરીકે પૂજા કરવામાં આવે છે. મહારાણા પ્રતાપનાં ચેતક ઘોડાની જેમ દાદા જસરાજનો પ્રિય અ લાલુ હતો જેમની ખાંભી આજે પણ ઉનડકોટમાં જોવા મળે છે. ગૌરક્ષક, ધર્મરક્ષક, શૌર્ય પ્રતિક, વીરદાદા જશરાજ.

રઘુવંશીઓ-લોહરાણાઓનાં સરતાજ, વીરદાદા જશરાજ. રામ રાજયનાં મહારાજા, રઘુકુળ ગૌરવ, ગૌરક્ષક વીરદાદા જશરાજ. વીરદાદા જશરાજજીની જય હો. - મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

# સાવરકુંડલા ખાતે દીપમાળા પ્રોજેક્ટ અંતર્ગત ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ યોજાયો






અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ચાલતા દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત બ્રાન્ચ શાળા નં. ૪ સાવકુંડલામાં ધોરણ ૭ ના તમામ વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં બીઆરસી વિપુલભાઈ, શાળા એસએમસી કમિટીના સભ્યો, વાલીગણ ઉપસ્થિત રહ્યા. અને ટેબ્લેટ દાતા ભરતભાઈ દેસાઈ અને સવિંદ વેન્ચરનો પણ આભાર વ્યકત કરવામાં આવ્યો. આ ટેબ્લેટ વિદ્યાર્થીઓને ખુબ જ ઉપયોગી સાબિત થશે. અને વિદ્યાર્થી ડીજીટલ લીટરેસીમાં પણ ખૂબ સારી શૈક્ષણિક પ્રવૃતિ કરી શકશે તેવું શાળાના આચાર્ય પૂજાબેન જોશી દ્વારા જણાવવામાં આવ્યું હતું. એઆઈએફ દિપકભાઈ દવારા આ ટેબ્લેટની કાળજી લેવા બાબતે વાલીગણને સમજ આપવામાં આવી. સમગ્ર શાળા પરિવારે એઆઈએફ માટે કૃતજ્ઞતાભાવ વ્યકત કર્યો.

# અમરેલી : રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે ૧૦૦ બેડની મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો શુભારંભ થયો










શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાન, રાજકોટ દ્વારા અમરેલીના જેસીંગપરામાં નિર્મિત ૧૦૦ બેડની ધર્મજીવન મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો શુભારંભ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કરાવ્યો હતો. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજયશિક્ષણ મંત્રીપ્રફુલભાઈ પાનશેરીયા, રાજકોટ સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, નાયબ મુખ્યદંડકઅનેધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવો અને સંતશ્રીઓએ નવનિર્મિત ધર્મજીવન હોસ્પિટલમાં આરોગ્યલક્ષી અદ્યતન સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યુંહતુંકે, માનવજીવનમાટેસેથી જરૂરી અને મહત્વપૂર્ણ ઉત્તમ શિક્ષણ, સ્વાસ્થ્યઅનેસંસ્કારછે. સમાજઅનેરાષ્ટ્ર કલ્યાણ માટે જરૂરી એવા પરિમાણો રાજકોટ સ્વામિનારાયણ ગુઢકુળ સંસ્થાનના માધ્યમથી નાગરિકોને પ્રાપ્ત થઈ રહ્યા છે. ભાવિ પેઢીના નિર્માણ માટે શિક્ષા, સ્વાસ્થ્ય અને સંસ્કારની શ્રેષ્ઠ પરંપરા ચાલતી રહે તે રાષ્ટ્ર ઉન્નતિ સાધે છે. સંસ્કાર એ જીવનની મોટી મૂડી હોવાનું જણાવી રાજયપાલએ કહ્યું કે, ગુજરાતની ભૂમિએ અનેક મહાપુઢષો આપ્યા છે, તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સમાજ અને નાગરિકોના કલ્યાણ માટે પોતાનું મોટું યોગદાન આપી રહ્યા છે. આ ઉપરાંત ગે માતાના જતન– સંવર્ધન, વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ સહિતના સમાજ ઉત્કર્ષ અને રાષ્ટ્ર કલ્યાણના કાર્યો તેમના દ્વારા કરવામાં આવી રહ્યા છે. રાજયપાલએ ઉમેર્યુ કે, અમરેલીના આસપાસના વિસ્તારમાં જેની જરૂરિયાત હતી, તેવી અમદાવાદ, સુરત જેવા મોટા શહેરોમાં હોય તેવી અદ્યતન સુવિધાસભર હોસ્પિટલની આ સંતોએ અમરેલીને ભેટ આપી છે. આ હોસ્પિટલ નિર્માણના પવિત્ર કાર્યમાં સહયોગ આપનાર દાતાઓને રાજયપાલએ બિરદાવ્યા અને અભિનંદન આપ્યા હતા. રાજયપાલએ માનવ જીવનના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પરૂષાર્થનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ઉત્તમ સ્વાસ્થ્ય ધરાવનાર અને નિરોગી લોકો ધર્મ, કર્મ અને નાવીન્ય દ્વારા સમાજનું કલ્યાણ કરી શકશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતનો વિકાસ ઘણો ઝડપી થયો છે, આજે ગુજરાત આંતર માળખાકીય સુવિધાઓમાં અને કૃષિ, ઉદ્યોગ સહિતના ક્ષેત્રમાં સમગ્ર દેશમાં ટોચના સ્થાને બિરાજે છે. રાજયપાલએ પ્રાકૃતિક કૃષિની હિમાયત કરતાં કહ્યું કે, નાગરિકોને સાઢ સ્વાસ્થ્ય મળી રહે તે માટે ગે આધારિત પ્રાકૃતિક કૃષિ અનિવાર્ય છે. પ્રાકૃતિક કૃષિથી નાગરિકોનું આરોગ્ય સુધરશે તે સાથે હોસ્પિટલનું ભારણ પણ ઘટશે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિથી પર્યાવરણ, પાણી અને પ્રકૃતિનું જતન થશે અને ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો થશે. તે ઉપરાંત રાસાયણિક ખાતર માટે ખર્ચ થતો પણ બચશે. આમ, પ્રાકૃતિક કૃષિના એક કામ દ્વારા અનેક કલ્યાણના કાર્યો થશે. અન્ન સાથે મનનો સીધો સંબંધ ગણાવતા તેમણે શુદ્ધ ખાન–પાનની આદત કેળવવાનો આગ્રહ કરતાં કહ્યું કે, નાગરિકો બિમાર હોય ત્યારે તેમનો જે સહારો બની સેવા કરે તે નારાયણની સેવા બની જાય છે. રાજયપાલએ ગાયના સંવર્ધન માટે કાર્ય કરનાર તત્કાલીન કેન્દ્રીય મંત્રી અને રાજકોટ સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાને અભિનંદન આપતાં કહ્યું કે, ઉન્નત કક્ષાના બ્રીડની ટેકનોલોજીથી ગાયોનું જતન–સંવર્ધન થશે તે સાથે પ્રાકૃતિક કૃષિને પણ વેગ મળશે. આ પ્રસંગે કેન્દ્રીય શ્રમ રોજગાર અને રમત ગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાએ, સમાજ જીવન અને વ્યવસ્થાપનના ભારતીય મોડલ'વિશે સવિસ્તર ઉદ્બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, ગુરૂકુળો એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. આ સંસ્થાનો દ્વારા સમાજની પ્રગતિ અને આરોગ્યલક્ષી સેવાના કાર્યો થઈ રહ્યા છે. ભારતમાં આરોગ્ય એ સેવાનો વિષય છે. ભારતમાં સાધુ–સંતશ્રીઓ અને સેવાકીય સંસ્થાઓ દ્વારા આરોગ્ય સેવાની આગવી પરંપરા રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાકાળ જેવા સમયે આપણી પરંપરા આધારિત કોવિડ મેનેજમેન્ટનું' ભારતીય મોડલ' આપ્યું, જેના થકી તબીબો, પેરામેડિકલ્સ સ્ટાફનું મનોબળ મજબૂત થયું. મંત્રીએ ઉમેર્યુ કે, રાજયપાલ આચાર્ય દેવવ્રતજી આવા જ ભારતીય મોડલ' પર કાર્યરત છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક ખેતીની આહલેક જગાડી અને જનજાગૃત્તિનું કાર્ય કરી રહ્યા છે. આ પ્રસંગે તેમણે રાજકોટ સ્વામિનારાયણ ગુરૂકળ દ્વારા નિર્મિત ધર્મજીવન હોસ્પિટલમાં દર્દીઓના સ્વાસ્થ્યની કાળજી લેવાની કામગીરી ઉત્તમ રીતે થશે તેવી શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે સંત કૃષ્ણચરણદાસજી સ્વામી, સંત ધર્મવલ્લભ સ્વામી અને સંત દેવકૃષ્ણદાસજી સ્વામીએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. ગઈ કાલે ગઈ કાલે તા.૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનો જન્મદિવસ હતો, તેમના જન્મદિન નિમિત્તે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીને ખાસ ખેસ અને સ્મૃતિ ચિન્હ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. ધર્મજીવન હોસ્પિટલના સફળ સંચાલન અને દર્દીઓ સહિત માનવ કલ્યાણ માટે સમૂહ પ્રાર્થના પણ આ પ્રસંગે કરવામાં આવી હતી. આ પ્રસંગે રાકેશભાઈ દુધાતે શાબ્દિક સ્વાગત અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સચિવ ધીરજ કાકડિયાએ આભાર વિધિ કરી હતી. અમરેલી ખાતે ધર્મજીવન હોસ્પિટલના નિર્માણ માટે આર્થિક સહયોગ આપનાર દાતાઓનું સંતોના હસ્તે સન્માન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. અમરેલી સ્થિત નવનિર્મિત ધર્મજીવન હોસ્પિટલના ઉદ્‌ઘાટન – લોકાર્પણ પ્રસંગે રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાન સંત દેવપ્રસાદજી સ્વામી, સુરત ગુઢકુળ સંસ્થાના સંત ધર્મવલ્લભ સ્વામી, અન્ય સંતગણ, નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, લાઠી–બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, પૂર્વ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી અશ્વિનભાઈ કુંજડિયા, જિલ્લાના પદાધિકારીઓ, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, અગ્રણીઓ, અધિકારીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ, બહોળી સંખ્યામાં હરિભક્તો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં ભેરાઈ ફાટક નજીક

જી.આર.ડીનો સ્ટાફ ફરજ બજાવતો હોય ત્યારે તેમને ટ્રાફિક ક્લિયર કરવાની કામગીરી કરેલી ત્યારે આ રોડ પર રાજુલાની પોલીસ પેટ્રોલિંગની કામગીરી કરતી હોય અને આ અકસ્માતના સમાચાર મળતા વૈભવભાઈ તેમજ ભરતભાઈ ગોહિલ સ્થળ પર દોડી આવતા ઈજાગ્રસ્ત બાળકને પોલીસની ગાડીમાં જ તાત્કાલિક સારવાર માટે રાજુલા સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ આ સમાચાર રાજુલાના નગરપાલિકાના પૂર્વપ્રમુખ કિશોરભાઈ ધાખડાને મળતા તેઓ પણ રાજુલા સરકારી હોસ્પિટલે દોડી આવેલા આ બાળકને વધુ ઈજા હોવાથી તેને પણ વધુ સારવાર માટે મહુવા હનુમંત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ જયારે આ બાળકના માતા જેમનું નામ રૂપલબેન પરમાર જેને ખૂબ જ વધુ ઈજા હોવાથી ૧૦૮ આવતા તેમને તાત્કાલિક વધુ સારવાર માટે ૧૦૮ મારફત જ મહુવા ખસેડવામાં આવેલા પરંતુ આ બહેનને ઈજા ગંભીર હોવાથી મહુવાની હનુમંત હોસ્પિટલની ટીમ દ્વારા સારવાર આપ્યા બાદ તેમને તાત્કાલિક ભાવનગર ખસેડવામાં આવ્યા પરંતુ ડોકટરોના જણાવવા મુજબ આ બહેનને ઈજા ખૂબ જ વધારે હોય અને વધુ સારવાર આપવી પડે તેવું હોય અને તેમને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો દ્વારા સારવાર આપવી પડે તેવી સ્થિતિ હોય ત્યારે તેમને ભાવનગર થી તાત્કાલિક અમદાવાદ ખસેડવામાં આવ્યા ત્યારે અમદાવાદમાં સારવાર દરમિયાન મોડી રાત્રિના તેમનું દુખદ અવસાન થયું આ પરિવાર રાજુલા તાલુકાના ઉટીયા ગામના હોવાનું જાણવા મળેલ છે જેમાં ઈજાગ્રસ્ત રામજીભાઈ પરમાર અને મૃતક રૂપલબેન પરમાર અને ઈજાગ્રસ્ત તેમનો પુત્ર જયદીપભાઈ પરમાર જે હાલ મહુવા હનુમંત હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ છે રેલવે ફાટક પાસે હાઈવેનું કામ શરૂ હોય અને એક જ રસ્તો શરૂ હોય ત્યારે ટ્રાફિકની પણ વધુ સમસ્યાઓ રહે છે ત્યારે આ બાબતે તંત્ર દ્વારા બીજી બાજુનો રસ્તો શરૂ કરવામાં આવે તેવું લોક માંગણી ઉઠવા પામેલ છે એક જ બાજુ રસ્તો શરૂ હોય ત્યારે સામસામા વાહનો આવી જતા હોય ત્યારે અકસ્માતનો ભય વધુ રહેશે ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે બીજી બાજુનો રસ્તો શરૂ કરવામાં આવે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૪૦ | ૧૧૪૮ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૮૫ | ૧૨૧૪ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૪૩ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૨૦ | ૧૩૦૬ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૭૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૨૭૧૫ |
| ૭ | બાજરો | ૩૭૦ | ૬૭૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૭૨ | ૬૭૫ |
| ૯ | ઘઉં લોકવન | ૫૮૦ | ૬૫૬ |
| ૧૦ | મકાઈ | ૫૨૬ | ૫૨૬ |
| ૧૧ | મગ | ૯૦૦ | ૧૦૮૫ |
| ૧૨ | અડદ | ૯૮૦ | ૧૩૮૫ |
| ૧૩ | ચણા | ૮૫૧ | ૧૨૦૦ |
| ૧૪ | તુવેર | ૧૧૦૫ | ૧૬૪૩ |
| ૧૫ | કપાસ | ૯૧૫ | ૧૫૨૦ |
| ૧૬ | એરંડા | ૯૦૦ | ૧૨૧૩ |
| ૧૭ | જીરૂ | ૩૫૫૦ | ૪૪૨૦ |
| ૧૮ | રાયડો | ૫૦૦ | ૯૩૫ |
| ૧૯ | ગમ ગુવાર | ૫૧૫ | ૫૧૫ |
| ૨૦ | ધાણા | ૭૫૦ | ૧૪૧૫ |
| ૨૧ | હજમા | ૧૦૫૦ | ૧૮૦૦ |
| ૨૨ | સોયાબીન | ૬૯૫ | ૮૨૭ |
| ૨૩ | મરચા લાંબા | ૪૭૦ | ૩૦૨૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા સહિત ગુજરાતની મહિલાઓને

સ્વાસ્થય, જાહેર પરિવહન, વીજળી, પાણી વગેરે જેવી પાયાની જરૂરિયાતો વિનામૂલ્યે આપ્યા બાદ પણ બજેટ ફાયદામાં રહે છે. પાયાની સુવિધાઓ સિવાય અન્ય અનેક સુવિધાઓ દિલ્હીનાં નાગરિકોને આપવામાં આવી રહી છે. હવેથી તો દરેક મહિલાને દર મહિને ૨૧૦૦ રૂપિયા પણ આપવામાં આવશે.

વધુમાં જણાવેલ છે કે, અલગ અલગ રાજયોમાં ચૂંટણી લડતી વખતે ભાજપ પણ એવા વચનો આપે છે કે ભાજપ પણ મફત ગેસનો બાટલો, મહિલાઓને ૨૫૦૦ રૂપિયા વગેરે જેવી સુવિધાઓ આપશે, ત્યારે ગુજરાતના લોકોને એ સવાલ થઈ રહ્યો છે કે જે ગુજરાતે ભાજપને આટલી સફળતા અપાવી એ જ ગુજરાત આજે આ બધી સુવિધાઓથી વંચિત શા માટે છે?

વધુમાં જણાવેલ છે કે, ગુજરાતની મહિલાઓને પણ દિલ્હીની જેમ દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવે, શિક્ષણ–સ્વાસ્થ્ય સુવિધાઓ મફતમાં આપવામાં આવે, બસ મુસાફરી વિનામૂલ્યે કરાવવામાં આવે, વડીલોને તીર્થયાત્રા કરાવવામાં આવે તેમજ એ તમામ જરૂરી સુવિધાઓ આપવામાં આવે જે આપવાનું વચન ભાજપ અન્ય રાજયોમાં આપે છે અને જે સુવિધાઓ દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર દિલ્હીના નાગરિકોને આપી રહી છે તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૭૯૫ | ૯૬૦ |
| ૩ | ઘઉં | ૫૨૫ | ૫૯૧ |
| ૪ | ચણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૫ | ધાણા | ૮૧૦ | ૧૧૨૦ |
| ૬ | શીંગ દાણા | ૯૩૦ | ૧૦૧૦ |
| ૭ | સોયાબીન | ૬૧૦ | ૮૦૫ |
| ૮ | જીરૂ | ૨૮૦૧ | ૨૮૦૧ |
| ૯ | તુવેર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૦ | બાજરો | ૩૧૫ | ૩૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૦ | ૧૧૧૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૪૦ | ૧૧૩૫ |
| ૩ | તલ સફેદ | ૧૭૯૦ | ૨૧૬૪ |
| ૪ | તલ કાળા | ૩૬૩૦ | ૩૭૫૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૨૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૬૦૦ | ૬૭૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૬૨૧ | ૬૮૬ |
| ૯ | બાજરો | ૬૨૦ | ૭૨૪ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૮૧૨ |
| ૧૧ | અડદ | ૧૧૯૧ | ૧૩૩૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૨૧ |
| ૧૩ | મોટા ચણા | ૧૪૦૧ | ૨૦૯૦ |
| ૧૪ | તુવેર | ૧૩૫૦ | ૧૬૦૪ |
| ૧૫ | એરંડી | ૧૧૯૮ | – |
| ૧૬ | મેથી | ૧૦૧૮ | – |
| ૧૭ | સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું લાઠીમાં રૂપિયા ૫૫ કરોડનાં ખર્ચે

મંત્રી, ચીફ ઓફિસર નગરપાલિકા, તાલુકા પંચાયતના ચેરમેન, હોસ્પિટલ લાઠીના ડો. સિન્હા, લાઠી શહેરના પૂર્વ પ્રમુખ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સહિત નગરપાલિકાના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, સંગઠનના કાર્યકર્તાઓ અને ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં શ્રમિક આધેડની દીકરીને

આવેલ જેમાં કોઈ અજાણ્યા ઈસમે કહેલ કે હું તારી દીકરી અમદાવાદ ભણે છે તેને ઉઠાવી લઈશ તેમ કહી ધમકી આપેલ હતી. જેથી આધેડે તેને નામ ઠામ પુછતા કોઈ જવાબ આપેલ નહી અને ફોન કાપી નાખેલ. ત્યાર બાદ આધેડની દીકરી હિરલને અમદાવાદ ફોન કરેલ હતો અને તેને પણ આ અજાણ્યા ફોન બાબતે વાત કરેલ કે મોબાઈલમાં એક અજાણ્યા મોબાઈલ નં. ૭૯૮૩૯ ૯૬૫૦૬ ઉપરથી ફોન આવેલ અને કહેલ કે હું તારા પપ્પાનો મિત્ર બોલુ છુ અને તારા પપ્પા સાથે વાત થઈ ગયેલ છે તુ મારા ગુગલ પે માં વીસ હજાર રૂપિયા નાખ તેમ કહેલ હતુ. ત્યાર બાદ મોટી દીકરી મહીમા જે ઘરે હતી તેમાં એક અજાણ્યા મોબાઈલ નં. ૭૬૬૮૭ ૯૯૦૯૧ ઉપરથી ફોન આવેલ અને મને કહેલ કે તારા પપ્પાનો મિત્ર બોલુ છુ અને તારા પપ્પા સાથે વાત થઈ ગયેલ છે તુ મારા ગુગલ પે માં પચ્ચીસ હજાર રૂપિયા નાખ તેમ કહેલ હતુ. આ અંગે હરેશભાઈ મેઘજીભાઈ શેખવાએ અજાણ્યા ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૪૯૨ |
| ૨ | મગફળી | ૧૦૪૧ | ૧૦૬૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૯ | ૧૪૬૩ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૦૦ | ૫૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૪૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૪૯ | ૧૧૫૧ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૯ | ૧૦૭૧ |
| ૫ | અડદ | ૧૧૩૦ | ૧૪૦૦ |
| ૬ | ઘઉં | ૫૨૦ | ૬૦૦ |
| ૭ | ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૮ | તુવેર | ૧૨૪૦ | ૧૫૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૮ |
| ૨ | ઘઉં લોકવન | ૫૫૭ | ૬૧૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૬ | ૬૨૦ |
| ૪ | ચણા છોલે | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૮૦ |
| ૬ | મગફળી | ૭૮૦ | ૮૮૦ |
| ૭ | ચણા સફેદ | ૧૧૫૦ | ૧૧૮૫ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |


## સંકુલ UG કોલેજ – સારૂ શિક્ષણ – ઉચ્ચ પરિણામ

* BA(Psy) Sem. IV – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
* BA(Eng) Sem. IV – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
* B.Com.(GM) Sem. II – 98% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
* B.Sc.(Basic) Sem. II – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
* B.C.A. Sem. IV – 95% પરિણામ સાથે 93% ફર્સ્ટક્લાસ 2023–24
* B.B.A. Sem. IV – 100% પરિણામ સાથે 99% ફર્સ્ટક્લાસ 2023–24

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 097


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ) તે અમારા અસીલ શ્રી **માલા જોરૂભાઈ ભાણાભાઈ,** રે. બાબરા વાળાની સુચના અનુસાર લાગતા વળતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ / તાકીદ કરૂ છું કે,

અમારા અસીલશ્રી એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે– અમરાપરા ગામે જુના ગામતળ વિસ્તારમાં વાંડળીયા રોડ પર આવેલ રહેણાંક મકાન કે જેના ચો.મી. ૧૨૮.૨૧ છે, અને આ મિલ્કત ગ્રામ પંચાયત કચેરીના આકારણી અનુક્રમ નં. – ૧૮૬ ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત રજી.વેચાણ નં. – ૬૯/૨૪ તા. ૧૧/૦૧/૨૦૨૪ના રોજ (૧) રેખાબેન મનુભાઈ ધંધુકીયા (૨) હિતેશભાઈ મનુભાઈ ધંધુકીયા (૩) નિમીષાબેન મનુભાઈ ધંધુકીયા પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ શ્રી આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લી.– બાબરા માંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી. / ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી– અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગભાગ, હકક – હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન– ૦૭ (સાત) માં લેખીતમાં આધાર પુરાવા સાથે લેખીતમાં જાણ કરવી, મુદત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહી અને તેમણે પોતાના તમામ હકક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદરહું મિલ્કત મોર્ગેજ/ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહી, અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટીસ થી લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૧૯/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૧ | ૧૦૮૧ |
| ૨ | તલ સફેદ | ૨૨૮૧ | ૨૩૧૭ |
| ૩ | તલ પીળા | ૨૩૦૦ | ૨૬૬૦ |
| ૪ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૫ |
| ૫ | બાજરો | ૫૦૨ | ૬૦૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૧૫ |
| ૭ | જુવાર | ૫૧૦ | ૮૧૯ |
| ૮ | મગ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૧૦૧ | ૧૨૭૫ |
| ૧૧ | ચણા | ૧૦૧૦ | ૧૧૭૬ |
| ૧૨ | સોયાબીન | ૭૬૧ | ૭૯૧ |
| ૧૩ | રાય | ૧૦૧૫ | ૧૦૧૫ |

### હજારો લિટર પાણીને સાવચેતીથી કાઢીને યોગ્ય ઉપયોગ કરવાને બદલે

# સા.કુંડલામાં ટાંકીમાંથી જાહેર માર્ગ ઉપર પાણીનો નિકાલ

**એકવીસમી સદીનાં યુગમાં જાહેર માર્ગ ઉપર પાણીનો નિકાલ કેટલે અંશે યોગ્ય**

**એક તરફ પાણી બચાવો અભિયાન અને બીજી તરફ ખુલ્લે આમ હજારો લિટર પાણી વેડફી દેવાયું**

**સરકારી કે સ્થાનિક સ્વરાજની સંસ્થામાં અનેક કામો ઉતાવળે પતાવાતા હોય છે**

**પાણીની ટાંકી બનાવનાર એજન્સીનાં કર્મચારીએ પાણી પુરવઠો બંધ કરવા સુચના આપી**






સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાના ઝીંઝુડા ગેઈટ વિસ્તારમાં આવેલા નવા બનેલા પાણીના ટાંકામાંથી અવિરત ધોધમાર પાણી પુરવઠો જાહેર રસ્તા પર વહેતો જોવા મળેલ. એક તરફ પાણી બચાવનું અભિયાન લોકોને પાણીનું મહત્વ સમજાવવામાં આવતું હોય ત્યારે આમ જાહેર રસ્તા પર પાણીનો અવિરત પ્રવાહ વહેતો હોય અને પાણી આ રીતે વેડફાય જતું હોય એ કેમ પોસાય? કમસેકમ કમ જાહેર રસ્તા પર અને આવતાં જતાં અનેક રાહગીરો તેમજ વાહન સવારને પણ આ પાણીના વહેતા પ્રવાહમાંથી પસાર થતાં જોવા મળેલ. જો કે આ સંદર્ભે વધુ તપાસ કરતાં સાવરકુંડલા ખાતે નવો બનેલ પાણીની ટાંકીનું ટેસ્ટિંગ થતું હોય તેમ જાણવા મળ્યું હતું. આ સમગ્ર પાણીનો પ્રવાહ લોકો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ગઈકાલથી સતત વહેતો જોવા મળેલ. વિશેષમાં આ પાણીનો પુરવઠો જયાંથી વહીને રેલવે ફાટકના ગરનાળામાંથી પસાર થતો જોવા મળેલ.

આ ગરનાળુ પણ જેસર રોડ ફાટક બંધ હોય ત્યારે અહીંથી વાહનો પસાર થાય છે. વળી આજરોજ સાવરકુંડલાના પ્રતિષ્ઠિત એડવોકેટ નોટરી ના પ્રમુખના સુપુત્રના લગ્ન પ્રસંગ હોવાથી અહીં મોંમાઈ માતાના મંદિરે એનો જમણવાર હોવાથી શહેરના સામાજિક અગ્રણી તથા વકીલમિત્રોને પણ અહીં શહેર તરફ જવા માટે આ પાણી વહેતા પ્રવાહમાંથી પસાર થતાં જોવા મળેલ. હવે સવાલએ થાય કે જો પાણી ભરેલા ટાંકાનું ટેસ્ટિંગ કરવાનું હોય તો સરેઆમ આવી રીતે ધોળે દિવસે આમ પાણી છોડવું યોગ્ય છે ખરૂં ? વળી આ પાણીનો યોગ્ય ઉપયોગ કરવાની કોઈ પધ્ધતિ નહીં હોય ? અને પાણીનો નિકાલ કરવો હોય તો પણ આ પદ્ધતિથી ધોળે દિવસે ચોમાસા જેવુ વાતાવરણ થાય એ કેટલે અંશે વ્યાજબી? અહીંથી પસાર થતાં બિમાર અશક્ત અને વૃધ્ધ લોકોને ચાલવામાં ભારે મુશ્કેલી વેઠવી પડે તેવી પરિસ્થિતિ જોવા મળી. આ સંદર્ભ પણ પાણી છોડતી વખતે આવા વડીલનો વિચાર નહીં કરવામાં આવ્યો હોય? કે પછી આ તો ગુજરાત છે અહીં બધુ ચાલે..!! હવે જો આ પાણી પીવા લાયક ન હોયતો તેનો ઉપયોગ અન્ય હેતુ માટે ન થઈ શકે ? પાણી નિકાલની કોઈ ચોક્કસ પધ્ધતિ નહીં હોય ? કે પછી આ રીતે જાહેર રોડ પર સરેઆમ પાણીનો પુરવઠો વહે? જો કે આ સંદર્ભે આ ટાંકી બનાવનાર કોન્ટ્રાકટર સાથે વાત થતાં એણે પણ એ વાતનો સહર્ષ સ્વીકાર કરીને પોતે તુરંત પોતાના કર્મચારીને કહીને આ પાણીનો પુરવઠો હાલ બંધ કરી અને રાત્રે પાણી નિકાલ કરશે તેમ જણાવ્યું હતું.

---

### અમરેલી જિલ્લા રઘુવીર સેનાનાં આગેવાનોનું નિવેદન

## રઘુવંશી સમાજનાં અગ્રણી ગીરીશભાઈ કોટેચા વિરૂધ્ધ થયેલ આક્ષેપો નિંદનીય

**ખોટા આક્ષેપોને રઘુવંશી અગ્રણીઓએ વખોડી કાઢયા**

ચલાલા, તા. ૧૮

જુનાગઢ ગીરનારની ગોદમાં બની બેઠેલા મહંત સાધુ મહેશગીરીએ અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના સુપ્રીમો અને જૂનાગઢના પૂર્વ ડેપ્યુટી મેયર તેમજ સમસ્ત રઘુવંશી સમાજ માટે આરોગ્ય શિક્ષણ સલામતી વેપાર ધંધા સંગઠન એકતા સહીતની ચિંતા કરી તેમા સમ્પુંણ સહકાર સહયોગ આપી રહ્યા છે તેવા સમસ્ત રઘુવંશી સમાજનું ગૌરવ ગીરીશભાઈ કોટેચા સામે બિન આધારભુત અને તદ્દન ખોટા આક્ષેપો કરવામા આવેલ છે. તેને અમરેલી જીલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા, ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, મહેશભાઈ મશરૂ, પ્રીતેશભાઈ માનસેતા, પિયુષભાઈ સોનપાલ, સહીતના આગેવાનોએ સખ્ત મા સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. વધુમાં અમરેલી જીલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢાએ જણાવેલ છે કે અમારા નેતા ગીરીશભાઈ કોટેચા અઢારેય આલમને સાથે લઈને ચાલનારા આગેવાન છે. અને તેથી જ જૂનાગઢ ની સમસ્ત સમજદાર જનતાએ ગીરીશભાઈને એક બે વાર નહી પણ પાંચ પાંચ વાર જુનાગઢના કોર્પોરેશનમા ડેપ્યુટી મેયર તરીકે ગૌરવપૂર્ણ પદ આપ્યુ છે. એટલે જુનાગઢ ની જ નહી સમગ્ર ગુજરાતની સમજદાર જનતા ગીરીશભાઈ કોટેચાને જાણે છે. માટે મહેશગીરીને કેવાની જરૂર નથી કે ગીરીશભાઈ કેવા છે અને શુ કરે છે. આ તકે જીલ્લા રઘુવીર સેનાના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે કે સંત સાધુ બની બેઠેલા મહેશગીરીએ જે ગીરીશભાઈ કોટેચાની સામે જે ભાષામાં બફાટ કરી વાણી વીલાશ કર્યા તે બીલકુલ સાધુ સંતોને શોભે તવા નથી. તેના વાણી વીલાશ થી સાધુ સંતોની ગરિમાને ઠેસ પહોચાડી છે. સાચા સાધુ સંતો એકદમ નિર્મળ શાંત સહજ સરળ અને માયાળુ સ્વભાવના પરોપકારી હોવા જોઈએ. આવા મહેશગીરી જેવાને ને કયારેય કોઈ સમાજ સાધુ સંત તરીકે સ્વીકારે નહી. જીલ્લા રઘુવીર સેના બીજા ઉપપ્રમુખ મહેશભાઈ મશરૂએ જણાવેલ કે મહેશગીરી એ જે અમારા સન્માનનિય નેતા ગીરીશભાઈ કોટેચા સામે તદન ખોટા હિન કક્ષાના આક્ષેપો કરી ગીરીશભાઈ કોટેચાની અકલ્પિય પ્રતિષ્ઠાને હાનિ પહોચડાવાના કૃત્યને અમો સાંખી નહી લઈ એ અને ટુક સમયમાં અમરેલી જીલ્લા રઘુવીર સેનાના તમામ ગામના આગેવાનો જુનાગઢ આવી ગીરીશભાઈ કોટેચાના સમર્થનમા અને મહેશગીરીની વિરૂદ્ધ મા મા. કલેકટરને આવેદન પત્ર આપી રજૂઆત કરનાર છીએ.

---

### શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા

## અમરેલીમાં જગદગુરૂ રામાનંદાચાર્ય મહારાજની ૭૨૫મી જન્મજયંતીની થશે ઉજવણી

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ અમરેલી દ્વાર તા. ૨૧/૧/૨૫ મંગળવાર સાંજે સવિતા બા કુમાર છાત્રાલય લાઠી રોડ અમરેલી ખાતે ભવ્યાતિભવ્ય રીતે જગદગુરૂ રામાનંદાચાર્યજીની ૭૨૫મી જન્મ જયંતી ઉજવવામાં આવશે.

સાંજે ૫:૦૦ કલાકે ગુરૂનું પુજન અર્ચન, પધારેલ મહેમાનોનું મહાનુભાવોનું સ્વાગત સન્માન તથા તેજસ્વી તારલાઓ તથા સેવા નિવૃતિ બદલ સન્માન આજીવન વાર્ષિક ફીના સભ્યોને સ્મૃતિ ભેટ તથા વિદ્યાર્થી શૈક્ષણિક ઈનામના દાતાનું સન્માન તથા ધર્મસભા સંતોના આર્શીવચન અને અંતે મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમના આયોજન માટે શહેર મંડળની કારોબારી છેલ્લા એક માસથી તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. તો અમરેલી શહેરના તમામ રામાનંદી સાધુ સમાજના જ્ઞાતિજનોએ પરિવાર સાથે પ્રસંગમાં હાજરી આપવા શહેર મંડળનું ભાવભર્યુ આમત્રણ છે તો પધારવા ખાસ વિનંતી છે.

આમ ઉપર મુજબ પ્રમુખ આકાશભાઈ અગ્રાવતની યાદી જણાવે છે.

---

## વઢેરાનાં ૧૨૦ જેટલા માછીમારી પરિવારોને સાધન સહાય વિતરણ



રાજુલા, તા. ૨૦

જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા પોતાની ઔધ્યોગીક સામાજીક જવાબદારી અંતર્ગત અમલીકૃત માછીમારી આજીવિકા વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૧૨૦જેટલા પગડીયા માછીમારી પરિવારોને માછીમારી માટે જરૂરી એવી પ્લાસ્ટિક ક્રેટ, તાડપત્રી, આઈસ બોક્ષ, સ્ટીલ તગારા વિગેરે જેવા ઉપયોગી સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

અત્રે ઉલ્લ્ખનીય છે કે છેલ્લા બે વર્ષથી જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા નાના પગડીયા માછીમારી કરતા પરિવારોનાં જીવન ધોરણમાં સુધાર અને આજીવિકા સંવર્ધન તેમજ વ્યવસાયીક મુલ્ય વર્ધન માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જે માટે ફાઉન્ડેશન દ્વારા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સિધો જ આ વંચીત સમુદાયને મળી રહે તે માટે જગૃતી ફેલાવવામાં આવી રહી છે તે ઉપરાંત મહીલા માછીમારીઓ માટે સ્વ સહાય જુથ અને આરોગ્ય સંવર્ધન કાર્યક્રમો પણ ચલાવવામાં આવી રહ્યા છે. આજના આ કાર્યક્રમને સફળ બનાવવા જીએચસીએલ લિમીટેડમાંથી સિનિયર જનરલ મેનેજર આરીફભાઈ માજોઠી ખાસ ઉપસ્થિત રહેલા. સી.એસ.આર વિભાગમાંથી રમેશભાઈ મકવાણા તથા સિનિયર ઓફીસર ડો. રવિ સોલંકી સહભાગી થયેલા. જિલ્લા ફિશરીઝની વિભાગીય કચેરીમાંથી મકરાણી તથા પૃથ્વીભાઈ હાજર રહેલા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ભાવસિંહ વંશ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

---

### શ્રી રામાનંદી સાધુસમાજ સેવાકીય પ્રવૃતિ મંડળ દ્વારા

## ચલાલામાં શ્રી રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૫મી જન્મ જંયતીની આસ્થાભેર થશે ઉજવણી

**રામાનંદી સાધુ સમાજમાં અનેરો ઉત્સાહ**

ચલાલા, તા. ૨૦

ચલાલામાં શ્રી રામાનંદી સાધુસમાજ સેવાકીયપ્રવૃત્તિ મંડળ દ્વારા તા. ૨૨,૧,૨૦૨૫, બુધવાર ના પટેલવાડી મા ખુબ જ ભકિતમય વાતાવરણ મા ઉંમગ ઉત્સાહ ભેર સંતો મંહતો તેમજ રાજકીય, સામાજીક, આગેવાનો ની ઉપસ્થિતિ મા રંગે ચંગે, અયોપ્રયા મા રામલલ્લા પ્રતિષ્ઠા ની વર્ષ ગાંઠ અને શ્રી રામાનંદાચાર્યજી મહારાજ ની ૭૨૫ મી જન્મ જંયતી મહોત્સવ ઉજવાશે.

ચલાલા રામાનંદી સાધુસમાજના પ્રમુખ બાલકૃષ્ણ ભાઈ દેવમુરારી એ જણાવેલ છે કે આ રામાનંદાચાર્યજીની જન્મ જંયતી અને અયોપ્રયામા રામલલ્લા પ્રતિષ્ઠા ની વર્ષ ગાંઠ ની ઉજવણી પ્રસંગે સવાર ૮ કલાકે, ગુરૂપુજન, સવારે ૯,૩૦ કલાકે ભીમનાથ મહાદેવ મંદિર માથી સાધુ સંતો મંહતો અને રાજકીય સામાજીક આગેવાનો ની ઉપસ્થિતીમાં સનાતન ધર્મના જયઘોષ સાથે શોભાયાત્રા પ્રસ્થાન કરી પટેલવાડી મા જશે. સવારે



૧૦,૩૦ કલાકે દિપ પ્રાગટ્ય સાધુ સંતો મંહતો ના વરદ હસ્તે સંપન્ન કર્યા બાદ ધર્મ સભા અને સન્માન સમારોહ નો કાયક્રમ યોજાશે.

ત્યારબાદ બપોરના ૧૨ કલાકે સમસ્ત રામાનંદી સાધુ સમાજ અને ઉપસ્થિત મહેમાનો અને મહાનુભવો માટે ભોજન પ્રસાદ યોજાશે. વધુમા બાલકૃષ્ણદાસ બાપુ એ જણાવેલ કે આ ધાર્મિક કાર્યક્રમ ને આર્શીવચન પાઠવવા માટે ચલાલા અંશાઅવતાર દાનમહારાજની જગ્યાના લઘુમંહત મહારાજ પુજય મહાવીર બાપુ, ગાયત્રી સંસ્કાર ધામ ચલાલાના વડા પૂજય ડો. રતીદાદા, ધારી થી મંહત નટુબાપુ, ભીમનાથ મહાદેવ મંદિરના મંહત મયુરબાપુ, સહીતના સંતો મંહતો પધારશે. તેમજ જીલ્લા સાંસદ ભરતભાઈ સુતરીયા રાજયસરકાર ના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અને જાગૃત ધારાસભ્ય જે.વી.ભાઈ કાકડીયા, સહીત સ્થાનીક રાજકીય તેમજ સામાજીક આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમ ને શુભ કામના વ્યક્ત કરશે. આ કાર્યક્રમને લઈને સમસ્ત રામાનંદી સાધુ સમાજમાં ભારે ઉમંગ ઉત્સાહ જોવા મળી રહયો છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે રામાનંદી સાધુ સમાજના પ્રમુખ બાોકૃષ્ણભાઈ દેવમુરીના માર્ગદર્શન નીચે ચલાલા નગરપાલીકાના એડ એકાઉન્ટ કાળ ભાઈ લશ્કરી, રાધેશ્યામભાઈ દેવમુરારી, રાજેશભાઈ કુબાવત, ભંડીગંજીભાઈ સહીત મંડળના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહયા છે. તેમ પ્રકાશ કારીયાની યાદીમાં જણાવેલ છે.

---

# અમરેલી : લોકસાહિત્ય સેતુ સંસ્થાની નિયમિત બેઠક તાત્કાલિક હનુમાનજી મહારાજના સાંનિધ્યમાં યોજાઈ




સંત શિરોમણી પરમ પૂજય મોરારીબાપુના રૂડા આશીર્વાદ અને પુસ્તક પરબના પ્રણેતા ડોક્ટર પ્રતાપભાઈ પંડ્યાના આર્થિક ઉમદા સહયોગથી લોકસાહિત્ય સેતુ સંસ્થાની ૧૨૩મી નિયમિત બેઠક હનુમાન પરા રોડ શેરી નંબર ચાર ઉપર આવેલ તાત્કાલિક હનુમાનજી મહારાજ ના વિશાળ મંદિર સંકુલમાં યોજવામાં આવી મંદિરના મહંત પૂજય બાપુના અપ્રયક્ષ સ્થાને યોજાયેલ આજની બેઠકમાં પ્રારંભમાં લોકસાહિત્ય સેતુ સંસ્થાના પ્રમુખ આદરણીય મહેન્દ્રભાઈ જોશી એ પોતાની આગવી શૈલીમાં પધારેલા સહુ સદસ્યઓ અને ભાવકોનુ પોતાની આગવી શૈલીમાં આવકાર આપ્યો રાજયના પૂર્વ શ્રેષ્ઠ શિક્ષિકા તરૂબેન વ્યાસ પ્રારંભમાં સુંદર મજાનું બાળગીત રજૂ કર્યુ ઉર્વશીબેન બારોટે પોતાની આગવી હલક થી લોકગીત લલકારી રેડિયો કલાકાર તરીકેની પોતાની લાયકાત રજૂ કરી સહુને મોજ કરાવી કલાકાર રામભાઈ એ સંતવાણી રજૂ કરી સહુને ડોલાવી દીધા આજના હનુમાનજી મહારાજના સાનિધ્યમાં મહંતશ્રીના હસ્તે ગુજરાત રાજય નોટરી એસોસિએશનના વાયસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુક મળતા પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી ઉદયનભાઈ ત્રિવેદી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ના સભ્ય તરીકે દિપકભાઈ વઘાસીયા ને નિમણૂક મળતા આ બંને મહાનુભાવોનો લોકસાહિત્ય સેતુ શાલ અને પુષ્પગુચ્છ થી ભવ્યાતીભવ્ય સન્માન કરવામાં આવ્યું. અમરેલી જિ.વિ.હિ.પ.ના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, અશ્વિનભાઈ ત્રિવેદી (બ્રહ્મ અગ્રણી), કીરણબેન ત્રિવેદી, તરૂબેન વ્યાસ, દિનેશભાઈ વ્યાસ, રમેશભાઈ તબલચી, મંત્રી સુરાણીભાઈ, ઉપપ્રમુખ ગોવિંદભાઈ ગોંડલીયાએ, ખજાનચી હસુભાઈ જોષી, સમેત વિશાળ સંખ્યામાં મહાનુભાવો સન્માનમાં જોડાયા રમેશભાઈ જાદવે લોકસાહિત્ય વિશે મૌલિક રજૂઆત કરી સપાખરાનો પ્રયોગ સારો રહ્યો કેવિનભાઈ રોકડ આગવી હલકથી સંતવાણી રજૂ કરી. આભારદર્શન લોકસાહિત્ય સેતુના મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ આગવી શૈલીમાં કર્યુ.

## નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાનાં હસ્તે ભૂમિપૂજન

# આનંદો : લાઠીમાં રૂપિયા ૫૫ કરોડનાં ખર્ચે હોસ્પિટલ બનાવાશે

**શહેરમાં પાલિકા હસ્તક રૂપિયા ૧.૩૭ કરોડનાં ખર્ચે થયેલ અને થવાનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ભૂમિપૂજન થયું**

**સમગ્ર પંથકની જનતામાં કરોડો રૂપિયાનાં વિકાસકાર્યોનો પ્રારંભ થવાથી ખૂશીનો માહોલ**

**વાદ નહિ વિવાદ નહી વિકાસ સિવાય કોઈ વાત નહીનાં સુત્ર સાથે આગળ વધતાં ધારાસભ્ય**

**આધુનિક સુવિધાસભર હોસ્પિટલનું નિર્માણ કરવાનાં નિર્ણયથી દર્દીનારાયણને સ્થાનિક કક્ષાએ સારવાર મળતી થશે**



અમરેલી, તા. ૨૦

લાઠી ખાતે રૂપિયા ૫૫ કરોડનાંખર્ચેસબડિસ્ટ્રીકટહોસ્પિટલનાં નિર્માણઅર્થેતોશહેરમાં૧.૩૭કરોડનાં ખર્ચે પાલિકા ધ્વારા થયેલ અને થનાર વિકાસકાર્યોનુંલોકાર્પણઅનેભૂમિપૂજન કરવામાટેનોકાર્યક્રમયોજાયોહતો.

અમરેલીનાંધારાસભ્યઅને નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, લાઠીનાં ધારાસભ્ય જનકતળાવીયાનાંવરદહસ્તેલોકાર્પણ અનેભૂમિપૂજનકાર્યક્રમયોજાયોહતો.

અંદાજિત ૧ કરોડ ૩૭ લાખના ખર્ચે નગરપાલિકાના વિવિધ વિકાસકામોનુંખાતમુહૂર્તઅનેલોકાર્પણ કરવામાંઆવ્યું. જેમાં૫૦લાખનાખર્ચે આઈકોનિક રોડનું લોકાર્પણ, ૧૦ લાખનાખર્ચેદરબારીચોકમાંલાઈબ્રેરીનું લોકાર્પણ, ૬લાખનાખર્ચેમંગળપરાપંપ રૂમનું લોકાર્પણ, ૧૫ લાખના ખર્ચે નગરપાલિકારેકડરૂમનુંખાતમુહૂર્તઅને ૫૬ લાખના ખર્ચે ભૂગર્ભ ગટરનું ખાતમુહૂર્તનોસમાવેશથાયછે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્યો, જિલ્લા આરોગ્ય સમિતિનાપૂર્વચેરમેન, જિલ્લાભાજપના મહામંત્રીઓ, તાલુકાપંચાયતનાપ્રમુખ, લાઠી શહેર ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયતનાઉપપ્રમુખ, જિલ્લાભાજપના

અનુસંધાન પાના ૬ ઉપર




## અજાણ્યા ઈસમે મોબાઈલ ફોન કરીને
# બગસરાનાં શ્રમિક આધેડની દીકરીને ઉઠાવી જવાની ધમકી આપી
**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૦

બગસરા ગામે આવેલ નટવરનગર, હનુમાનપરા પાળા પાસે રહેતાઅનેમજુરીકામકરતાહરેશભાઈ મેઘજીભાઈ શેખવા નામના ૪૫ વર્ષિય આધેડ ગત તા. ૧૯ના રોજ બપોરના આશરેબેએકવાગ્યેબગસરાનાહામાપુર રોડઉપરઆવેલઘનાભાઈસાવલીયાની વાડીએ કામ કરતા હતા. ત્યારે તેમના મોબાઈલમાં એક મોબાઈલ નંબર ૭૬૬૮૭૯૯૦૯૧ ઉપરથીફોન

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)